Digital Copy

કેનેડાથી પ્રસિદ્ધ થતું ગુજરાતી કમ્યુનિટી ન્યુઝપેપર

जननी जन्मभूमिश्च स्वर्गदपि गरियसी

# ગરવી ગુજરાત

I ❤ Gujarat

Gujarati Weekly Community Newspaper

Vol. 1 | Issue 31 | 17 January 2026 | Sugnesh Patel | +1437-967-0062 | garvigujarat2025@gmail.com | CANADA |

# કેનેડામાં ઉતરાયણનો ભવ્ય આધ્યાત્મિક ઉત્સવ હરિધામ સોખડા અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાના હરિભક્તો દ્વારા ભાવભીની ઉજવણી





2026ના નવા વર્ષની શરૂઆતનું પ્રથમ પર્વ મકરસંક્રાંતિ એટલે કે ઉતરાયણ પર્વ કેનેડાની ધરતી પર પણ અત્યંત ધાર્મિક ભાવના અને ભવ્યતા સાથે ઉજવાયું. હરિધામ સોખડા અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા સોખડાના પરમ પૂજ્ય ગુરુદેવ હરિપ્રસાદ સ્વામીજીના પાવન સ્મરણ સાથે તથા પ્રગટ ગુરુ હરી પરમ પૂજ્ય પ્રેમ સ્વરૂપ સ્વામીજીના દિવ્ય આશીર્વાદથી, ગત રવિવારે શ્રૃંગેરી હોલ કેનેડા ખાતે આ ઉત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આશરે 400 જેટલા હરિભક્તોની ભાવભીની હાજરીએ સમગ્ર વાતાવરણને ભક્તિમય અને આધ્યાત્મિક ઉર્જાથી તરબોળ કરી દીધું હતું.

કાર્યક્રમની શરૂઆત હરિભક્ત શ્રી હર્ષભાઈ પટેલ તથા શ્રી જયેશભાઈ દેસાઈ અને તેમની ટીમ દ્વારા યોજાયેલી આશરે એક કલાક જેટલી ભજન સંધ્યાથી કરવામાં આવી. મધુર સ્વર, ભક્તિરસથી ભરપૂર ભજનો અને સંતવાણીના સંગે સૌ હરિભક્તો ભગવાનના સ્મરણમાં લીન બની ગયા હતા અને સમગ્ર સભા એક દિવ્ય અનુભૂતિમાં પરિવર્તિત થઈ ગઈ હતી.

અનુસંધાન પાના નં. 24 પર











આ સમગ્ર ધાર્મિક ઉત્સવને અલૌકિક આભા અને દિવ્ય અનુભૂતિથી સરોબર બનાવવામાં ડેકોરેશનની ટીમનો ફાળો અતિ મહત્વનો રહ્યો હતો. હરીભક્ત શ્રી સર્વાતીતભાઈની સેવાભાવી આગેવાની હેઠળ તૈયાર કરાયેલું ભવ્ય, સુસંયોજિત અને દર્શનીય ડેકોરેશન સમગ્ર શ્રૃંગેરી હોલને જાણે કોઈ પવિત્ર ધામમાં રૂપાંતરિત કરી ગયું હતું. રંગોની સુમેળભરી રચના, આધ્યાત્મિક ભાવ દર્શાવતા સુશોભન તત્વો અને પ્રકાશની સૌમ્ય ઝલક દરેક હરિભક્તના હૃદયને સ્પર્શી ગઈ હતી. આ મનોહર સજાવટે માત્ર દૃશ્ય સૌંદર્ય જ નહીં, પરંતુ સમગ્ર વાતાવરણમાં ભક્તિ, શ્રદ્ધા અને સંતસ્મરણની સુગંધ પ્રસારીને સૌને ભગવાનની નજીક લાવી દીધા.



## ઉતરાયણ સાથે સાકોત્સવનો પાવન આનંદ

ઉતરાયણ પર્વની ભવ્ય ઉજવણી સાથે સાકોત્સવનો પણ હરિભક્તોએ ભાવભક્તિપૂર્વક આનંદ લીધો હતો. આ પ્રસંગે હરિધામ સોખડા અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંપ્રદાયની બહેનો દ્વારા સંપૂર્ણ સેવાભાવથી ખીચડી, કઢી, શાક તથા આશરે 200 જેટલા રોટલા જાતે તૈયાર કરી સ્વાદિષ્ટ પ્રસાદી રૂપે હરિભક્તોને અર્પણ કરવામાં આવી હતી. પ્રેમ, શ્રદ્ધા અને નિષ્કામ સેવાની સુગંધથી ભરપૂર આ પ્રસાદીએ ઉતરાયણના પાવન પર્વને વધુ યાદગાર અને ભક્તિમય બનાવી દીધું હતું

# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**17 જાન્યુઆરીથી આવતા શનિવાર સુધી**

**મેષ રાશિ અ, લ, ઈ** કોઈ પ્રભાવશાળી વ્યક્તિ સાથે મુલાકાત થશે જે કરિયરમાં મદદરૂપ થશે. અટકેલા નાણાં પરત મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ખુલશે. માનસિક શાંતિ માટે મેડિટેશન ફાયદાકારક રહેશે.

**વૃષભ રાશિ બ, વ, ઉ** શુક્રાદિત્ય રાજયોગના પ્રભાવથી કાર્યક્ષેત્રમાં માન-સન્માન વધશે. પરિવાર અને જીવનસાથી સાથે મતભેદ ટાળવા વાણી પર સંયમ રાખવો. જીવનશૈલીમાં ફેરફાર કરવા માટે સારો સમય છે.

**મિથુન રાશિ ક, છ, ઘ** ગજકેસરી યોગને કારણે નેતૃત્વ ક્ષમતા ખીલશે. પ્રમોશનના યોગ છે. નાણાકીય સ્થિતિ મજબૂત બનશે, પણ બિનજરૂરી ખર્ચથી બચવું. શારીરિક ઉર્જામાં વધારો જણાશે.

**કર્ક રાશિ ડ, હ** મિત્રો અને સંબંધીઓ તરફથી પૂરો સહયોગ મળશે. પ્રેમ સંબંધો રોમેન્ટિક રહેશે. વેપારમાં નવી ભાગીદારી થઈ શકે છે. બહારનું ખાવાનું ટાળવું, પેટ સંબંધિત તકલીફ થઈ શકે છે.

**સિંહ રાશિ મ, ટ** કાર્યસ્થળ પર દબાણ વધશે, પરંતુ તમારી મહેનતનું ફળ મળશે. જમીન કે મિલકતના કામમાં સફળતા મળશે. માનસિક તણાવને કારણે થાક અનુભવાય, આરામ જરૂરી છે.

**કન્યા રાશિ પ, ઠ, ણ** બેરોજગારોને નવી નોકરીની તક મળી શકે છે. સ્વ-રોજગારમાં મોટો ફાયદો થશે. લાંબા ગાળાના રોકાણ માટે સાનુકૂળ સમય છે. અવિવાહિતો માટે લગ્નના પ્રસ્તાવ આવી શકે છે.

**તુલા રાશિ ર, ત** આ સપ્તાહે આળસ છોડીને કામ પર ધ્યાન આપવાની જરૂર છે. ભૌતિક સુખ-સુવિધાઓ પાછળ ખર્ચ થઈ શકે છે. અહંકારને કારણે સંબંધોમાં ખટાશ ન આવે તેનું ધ્યાન રાખવું.

**વૃશ્ચિક રાશિ ન, ય** આ સપ્તાહમાં નવી યોજનાઓ અમલમાં મૂકવા માટે ઉત્તમ સમયબની રહ્યો છે. આકસ્મિક ધન લાભ થવાની પુરી શક્યતા છે. જૂની બીમારીઓમાંથી મુક્ત થઇ રાહત મળશે.

**ધન રાશિ ભ, ધ, ફ, ઢ** આ સપ્તાહમાં નોકરીમાં બદલી કે પ્રગતિના સંકેતો છે. પરિવાર સાથે કોઈ ધાર્મિક પ્રવાસનું આયોજન થઈ શકે છે. કાયદાકીય બાબતોમાં સાવધાની રાખવી.

**મકર રાશિ ખ, જ** સૂર્યનું તમારી રાશિમાં ભ્રમણ આ સપ્તાહે આત્મવિશ્વાસ વધારશે. આર્થિક બાબતોમાં સાનુકૂળતા રહેશે, પરંતુ ઉધાર આપવાનું ટાળવું. આંખો અને ગળાનું ધ્યાન રાખવું.

**કુંભ રાશિ ગ, સ, શ, ષ** વિદેશી વેપાર સાથે જોડાયેલા લોકોને મોટો ઓર્ડર મળી શકે છે. અચાનક ખર્ચ વધવાથી બજેટ ખોરવાઈ શકે છે. બિનજરૂરી ચર્ચા-વિચારણામાં સમય બગાડવો નહીં.

**મીન રાશિ દ, ચ, ઝ, થ** સહકર્મીઓનો સહયોગ મળશે. અધૂરા કાર્યો પૂરા થશે. પૈતૃક સંપત્તિથી લાભ થવાની શક્યતા છે. સીઝનલ બીમારીઓ (શરદી-ઉધરસ) થી સાવધ રહેવું.

**શ્રી મહેશકુમાર શાસ્ત્રીજી, કેનેડા+1 647 881 9054 વાસ્તુપૂજા કથા વિગેરે માટે સંપર્ક કરો**

**તંત્રી લેખ**

# મર્યાદા, મૂલ્યો અને સંસ્કૃતિનો મહોત્સવ દિવસ - અયોધ્યામાં શ્રીરામ પ્રતિષ્ઠા દિવસ આગામી 22 જાન્યુઆરી ગુરૂવાર

પ્રિય વાચક મિત્રો,

ભારતીય સંસ્કૃતિના મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામ માત્ર એક આરાધ્ય દેવતા નથી, પરંતુ સત્ય, કર્તવ્ય, ત્યાગ અને મર્યાદાનો જીવંત આદર્શ છે. અયોધ્યા ખાતે 22 જાન્યુઆરીના રોજ શ્રીરામ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ સમગ્ર ભારત સહિત વિશ્વભરમાં વસતા કરોડો ભારતીયો માટે ગૌરવ, ભાવના અને આસ્થા નો ઐતિહાસિક ક્ષણ છે.



શ્રીરામનું જીવન આપણને શીખવે છે કે સત્તા કરતાં સંસ્કાર મહાન છે, વિજય કરતાં મર્યાદા ઊંચી છે અને અધિકાર કરતાં કર્તવ્ય શ્રેષ્ઠ છે. રાજા હોવા છતાં વનવાસ સ્વીકારનાર, પુત્ર હોવા છતાં પિતાના વચનને સર્વોચ્ચ માનનાર અને માનવતા માટે સદા અડગ રહેનાર શ્રીરામ આજે પણ દરેક યુગ માટે પ્રેરણાસ્ત્રોત છે.


અયોધ્યામાં મંદિર પ્રતિષ્ઠા માત્ર એક ધાર્મિક ઘટના નથી, પરંતુ ભારતીય સંસ્કૃતિના પુનર્જાગરણનું પ્રતીક છે. આ મહોત્સવ વિશ્વને સંદેશ આપે છે કે ભારત પોતાની પરંપરા, આસ્થા અને મૂલ્યો સાથે ગૌરવભેર આગળ વધે છે. વિદેશમાં વસતા ભારતીયો માટે પણ આ ક્ષણ પોતાના મૂળ, સંસ્કૃતિ અને સંસ્કાર સાથે જોડાવાની અનોખી અનુભૂતિ છે.

કેનેડામાં વસતા ભારતીય સમાજ માટે પણ આ દિવસ ગૌરવનો છે. અહીં રહીને પણ આપણું મન અયોધ્યાની પવિત્ર ભૂમિ સાથે જોડાયેલું છે. શ્રીરામનું સ્મરણ આપણને પરિવાર, સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે જવાબદારી નિભાવવાની પ્રેરણા આપે છે.

આ પાવન અવસરે, ચાલો આપણે સૌ મળીને શ્રીરામના માર્ગે ચાલવાનો સંકલ્પ કરીએ—સત્ય બોલીએ, ન્યાય પાળીએ, મર્યાદા રાખીએ અને માનવતા જાળવીએ. એ જ સાચી રીતે આ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી થશે. 22 જાન્યુઆરીના ગુરુવારે દરેક ભારતીય પોતાના ઘરે દરવાજા પાસે દીવા પ્રગટાવે શક્ય હોય તો ભજન કીર્તન નો આયોજન કરવામાં આવે અથવા તો કેનેડા માં વિક એન્ડ માં ભજન કીર્તન કરી પ્રતિષ્ઠા મહોત્સવ ની ઉજવણી કરીએ તો પ્રભુ ને રાજી કરી શકીએ

**સુજ્ઞેશ પટેલ**
(તંત્રી શ્રી, ગરવી ગુજરાત ડીજીટલ ન્યુઝ પેપર, કેનેડા) 4379670062
garvigujarat2025@gmail.com

**કેનેડાથી પ્રસિદ્ધ થતું ગરવી ગુજરાત ન્યુઝ પેપર વાંચવા ક્યુઆર કોડ સ્કેન કરો**




**સંકલન શ્રી એસ કે પટેલ કેનેડા રિટાયર્ડ પ્રિન્સિપાલ**

**કિસી કો હો ન હો લેકિન, મુઝે પુરા ભરોસા હૈ!**
**પડેગી એક દિન બાંસો પૈ ભારી બાંસુરી મેરી!!**

લલિત મોહન ત્રિવેદી. સંકલન ડો પ્રકાશભાઈ ઠક્કર કાલોલ ગુજરાત

વાચકોને આ અખબારમાં પ્રસિદ્ધ કોઇપણ જાહેરાતના સબંધમાં પૈસા મોકલવા, કોઇ પણ ખર્ચ ઉઠાવવા અથવા કોઇપણ વાયદા દાવા પર અમલ કરતા પહેલાં જરૂરી પુછપરછ કરવા અને યોગ્ય તપાસ કરવાની સલાહ આપવામાં આવે છે. ગરવી ગુજરાત જાહેરાતકર્તાઓના ઉત્પાદનો અને સેવાઓ માટે કરાયેલ દાવાની જવાબદારી લેતું નથી. જો જાહેરાત આપનાર આવા દાવાનું સન્માન નથી કરતા તો ગરવી ગુજરાતને કોઇપણ પરિણામ માટે જવાબદારી ગણી શકાશે નહીં.


I AM DIFFERENT !!
@realtorravipatel
Looking for the Right Real Estate Expert?
Ravi Patel
REALTOR
Let's Find Your Perfect Home
• Personalized Guidance for Buyers & Sellers
• More Than 5 Years of Experience
• Transparent Service
• Check reviews on Google & Insta and lets get started !!
Let's Get Started
+1(519)-991-7196
www.buywithravi.realtor
@realtorravipatel
RIGHT AT HOME
REALTY
BROKERAGE


ABHAY JOSHI
Mortgage
Abhay Joshi
(Mortgage Agent Level 2)
AFFINITY MORTGAGE SOLUTIONS INC
INDEPENDENTLY OWNED AND OPERATED
FSRA LIC # 13093
MORTAGE
EXPERT
CONTACT US
UNLOCK YOUR DREAM HOME WITH
EXPERT MORTGAGE GUIDANCE
Residential mortgage
Commercial mortgage
Refinancing, Home equity loans
Business Line of Credits
Business Loans (CSBFL)
And many more
Call today to schedule
a consultation
CELL : (647) 409-5848
Lic #M22003707


THE CANADIAN HOME
Residential ✓
Commercial ✓
Industrial ✓
Turning Realty
Dreams to Reality
Vatsal Makes it
Happen!
GTA, Hamilton & Beyond
VATSAL DESAI
REALTOR®
+1 (416) 456 4448
RealtorVatsalDesai@Gmail.com
www.vatsaldesairealtor.com
BUY | SELL | LEASE | INVEST



# ગોપી

લેખકઃ- નિર્મળાબેન દરજી
રિટાયર્ડ ટીચર - કેનેડા

ગોપી શબ્દના બે અર્થ થાય છે. ગોપી એટલે હિંદુ ધર્મમાં ખાસ કરીને વૈષ્ણવ સંપ્રદાયમાં ગોપી એટલે ગાયોનું પાલન કરનારી સ્ત્રીઓ.

તેઓ ભગવાન શ્રીકૃષ્ણની પરમ ભર્ક માનવામાં આવે છે.

શ્રીમદ્ ભાગવત મુજબ ગોપીઓને કૃષ્ણ પ્રત્યેનો પ્રેમ નિઃસ્વાર્થ ભક્તિનું સર્વોચ્ચ ઉદાહરણ છે. અને તેમાંય રાધાજીનું સ્થાન સર્વોપરી છે.

ગોપીઓ માટે કૃષ્ણ માત્ર એક ભગવાન જ નહીં પણ તેમના જીવનનો સર્વોચ્ચ પ્રેમ હતો. જેમાં કોઇ પણ અપેક્ષા નહોતી. ભર્કિમાર્ગમાં ગોપીઓની ભક્તિને અનન્યા ભક્તિ કહેવામાં આવે છે.

ગોપી ધાર્મિક રીતે શાશ્વત પ્રેમ, ભક્તિ અને આત્મ સમર્પણનું જીવંત સ્વરૂપ છે. જગતમાં જો કોઇ નિશ્વાર્થ પ્રેમ હોય તો તે ગોપીઓ કૃષ્ણનો છે. તે પોતાના પ્રાણ પણ કૃષ્ણ પર ન્યોછાવર કરવા માટે તૈયાર હોય છે. પોતાને લીધે જો કૃષ્ણને સહેજ પણ દુઃખ પહોંચે તો તેની ભક્તિ વ્યસ્થ ગઇ તેમ ગોપી માને છે. કૃષ્ણ સુધી પહોંચવા હૃદયની શુદ્ધતા ખુબ જ જરૂરી છે. ગોપીઓએ મહાભક્તિનું પ્રતિક છે. રાત્રીના સમયે વૃંદાવનમાં રાસલીલાએ ગોપીઓ અને કૃષ્ણની લીલા આત્મા અને પરમાત્માનું મિલનનું એક પ્રતિક છે.

એકવાર કૃષ્ણે ગોપીઓની ભક્તિ રખવા માટે અદૃશ્ય થઇ ગયા. ગોપીઓ વ્યાકુળ બની બાવરી બની આમ તેમ શોધવા લાગી. તેઓને ન ખાવાનું કે ન પીવાનું યાદ ન રહ્યું. સતત તેમના હોઠ પરથી ફક્ત એક જ નામ નીકળતું હતું. ...કૃષ્ણ... કૃષ્ણ... ત્યારે કૃષ્ણ પ્રગટ થઈને કહે છે. તમારો પ્રેમ જ મને બાંધી રાખે છે. યોગી તપથી જે નથી પામતા, તે તમે પ્રેમથી પામી લીધું. ગોપીઓ માટે કૃષ્ણ જ સર્વસ્વ હતા. જ્યારે આપણે કોઇ કાર્ય, સંબંધ કે ઈશ્વરને પૂરા હૃદયથી સ્વીકારીએ, ત્યારે સફળતા અને શાંતિ મળે છે.

ગોપીઓમાં હું નહોતું ફક્ત કૃષ્ણ જ ભગવાનને પામવા માટે તપ, યોગ, જ્ઞાન ધાજ માર્ગો છે. પણ ગોપીઓએ બતાવ્યું કે પ્રેમ સૌથી સરળ અને ઉંચો માર્ગ છે.

કૃષ્ણ અદૃશ્ય થયા ત્યારે પણ ગોપીઓએ ફરિયાદ નહિં, પણ સ્મરણ કર્યુ. જીવનના દુઃખોમાં પણ ફરિયાદ નહીં પણ સ્મરણ, વિશ્વાસ રાખવો.

રાસલીલામાં દરેક ગોપીને લાગ્યું કે કૃષ્ણ માત્ર તેની સાથે છે. ભગવાન દરેક ભક્ત સાથે વ્યક્તિગત રીતે જોડાયેલા છે. ઈશ્વર માટે કોઇ એકલા છે જ નહિં. ગોપીઓએ કૃષ્ણને પામવા માટે સમાજ, કુટુંબ, લોકલાજ, ડર બધુ જ ત્યાગ્યું ત્યારે તેઓ કૃષ્ણને પામી શક્યાં.

શુદ્ધ પ્રેમ અને પૂર્ણ સમર્પણ એક ગોપીની વાર્તા પરથી સમજીએ કે.. વૃંદાવનમાં એક ગોપી હતી. કોઇ તેને ઓળખતું નહોતું, ન તો સુંદરતાથી, ન તો વાણીથી, પણ તેનું હૃદય કૃષ્ણથી ભરેલું હતું. તે દરરોજ સવારે ગાયોને ચરાવવા લઇ જતી અને સાંજના સમયે યમુના કિનારે બેસી એક જ શબ્દ બોલ્યે જતી. કૃષ્ણ... ક્યારેક તે બોલતી પણ નહિં... ફક્ત આંખોમાંથી આંસુ વહેતા અને હૃદયમાં એક જ ભાવ ... હું તારી છું.

એક રાત્રે કૃષ્ણ મથુરા જવા નીકળ્યા. બધી ગોપીઓ રડી પડી. પણ આ ગોપી શાંત હતી. કોઇએ પૂછ્યું ... તું કેમ રડતી નથી....તે હળવેથી બોલી.. જેણે હૃદયમાં વસાવ્યા છે તે ક્યાં જતો હોય છે?.. સમય વિતતો ગયો ગોપી વૃદ્ધ થઇ ગઇ. લોકોએ પૂછ્યું.. તને કૃષ્ણ દેખાયા? તે સ્મિત સાથે બોલી ... જેણે શ્વાસમાં વસે છે તેને જોવા આંખોની શી જરૂર ?.. અને એ જ ક્ષણે કૃષ્ણ નામ તેના હોઠ પર હતું... અને શ્વાસ શાંત થઇ ગયો. આ રીતે ગોપીની ભક્તિ પરથી સમજાય છે કે સાચી ભક્તિમાં માગ નથી.. પ્રેમમાં અલગાવ નથી. ભગવાન દૂર નથી... તે અંદર છે.. જે પ્રેમથી જીવ્યા એ જ ભગવાનને પામે છે. આવી નિવ્યાર્જ, નિસ્પૃહા ભક્તિના સચોટ ઉદાહરણ ફક્ત ગોપીઓ જ છે.



# 35+ years of Experience in Insurance Industry

★★★★★

Secure Your Tomorrow by Choosing Smart Insurance Options with Rajendra



RAJENDRA PARMAR
FINANCIAL ASSOCIATE

## Key Offerings

- Life Insurance
- Super Visa Insurance
- Visitor Visa Insurance
- Critical illness Insurance
- Disability Insurance
- Dental & Health Insurance
- Group Insurance
- Registered Education Savings Plan (RESP)
- Registered Retirement Savings Plan (RRSP)
- Segregated Funds & Investment
- Wills & Retirement Planning
- Financial Literacy for Companies
- Mortgages & Budget Planning

FREE INSURANCE QUOTE

** અમે ગુજરાતી બોલીએ છીએ **

RAJENDRA PARMAR

Phone Number:
CANADA : 226-552-9547
INDIA OFFICE :+919879579547
Email :
rajugeeta67@gmail.com

# 2026 ના પહેલા ક્વાર્ટરમાં વાનકુવર, વિનીપેગ અને હેલિફેક્સ સહિત આઠ પ્રદેશોમાં LMIA પ્રક્રિયા ફરી શરૂ થશે



સંકલનઃ શ્રી નયનભાઈ બ્રહ્મભટ્ટ,
એ એન બી ઈમિગ્રેશન

9 જાન્યુઆરીથી, ફેડરલ સરકાર કેનેડાના આઠ વધુ પ્રદેશોમાં ઓછા વેતનવાળા શ્રમ બજાર અસર મૂલ્યાંકન (LMIAs) ની પ્રક્રિયા શરૂ કરશે.

વાનકુવર, વિનીપેગ અને કિંગ્સ્ટન એવા કેટલાક પ્રદેશો છે જ્યાં ઓછા વેતનવાળા LMIA પ્રક્રિયા ફરી એકવાર શરૂ થશે.

કારણ કે આ પ્રદેશોમાં બેરોજગારીનો દર 6% થી નીચે ગયો છે. સરકાર ફક્ત એવા પ્રદેશોમાં ઓછા વેતનવાળા LMIAs ની પ્રક્રિયા કરે છે જ્યાં બેરોજગારીનો દર 6% કે તેથી વધુ છે.

તેમના એમ્પ્લોયર પાસે સકારાત્મક અથવા તટસ્થ LMIA વિના, વિદેશી નાગરિક કામચલાઉ વિદેશી કાર્યકર કાર્યક્રમ (TFWP) હેઠળ વર્ક પરમિટ માટે અરજી કરી શકતો નથી અથવા રિન્યૂ કરી શકતો નથી.

જો પગાર તે પ્રદેશ માટે સરેરાશ વેતનના 120% જેટલો અથવા તેનાથી વધુ ન હોય, અથવા નોકરીદાતા તે સ્થાન પર વર્તમાન કર્મચારીઓને જે ચૂકવે છે તેની શ્રેણીમાં આવે છે, જે પણ વધારે હોય તો તે ઓછા વેતનના પ્રવાહ હેઠળ આવે છે.

અમુક વ્યવસાયોને ફ્રીઝમાંથી મુક્તિ આપવામાં આવી છે, જેમ કે પ્રાથમિક કૃષિ, બાંધકામ અને પસંદગીના ફ્રન્ટ-લાઈન આરોગ્યસંભાળ વ્યવસાયો.

આ યાદીમાં આગામી અપડેટ 10 એપ્રિલ, 2026 ના રોજ અપેક્ષિત છે.

## વિદેશી નાગરિકો માટે

વિદેશી નાગરિકો તેમની નોકરીની શોધ પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે જે આ ઈનકાર પ્રક્રિયા માપદંડથી મુક્ત છે.

આમાં શામેલ છેઃ પ્રાથમિક કૃષિ હેઠળના વ્યવસાયો; બાંધકામમાં હોદ્દા; ખાદ્ય ઉત્પાદનમાં હોદ્દા; હોસ્પિટલોમાં હોદ્દા; નર્સિંગ અને રહેણાંક સંભાળ સુવિધાઓમાં હોદ્દા; ઘરમાં ચોક્કસ સંભાળ રાખનાર હોદ્દા; ફક્ત કાયમી રહેઠાણના સમર્થનમાં હોદ્દા (વર્ક પરમિટ માટે કોઈ અરજી નહીં; અને ટૂંકા ગાળા (120 કેલેન્ડર દિવસો કે તેથી ઓછા) જે ચોક્કસ માપદંડોને પણ પૂર્ણ કરે છે.


વિદેશી નાગરિકો તેમની નોકરીની શોધ CMA પર પણ ધ્યાન કેન્દ્રિત કરી શકે છે જ્યાં ઓછા વેતનવાળા LMIAs પર હજુ પણ પ્રક્રિયા ચાલી રહી છે.

ઓછા વેતનવાળા TFWP વર્ક પરમિટ ધરાવતા વિદેશી કામદારો કે જેઓ તેમની વર્ક પરમિટ લંબાવી શકાતી નથી તેના કારણે દરજ્જો ગુમાવે છે તેમણે કામ કરવાનું બંધ કરવું પડશે. જો તેઓ ઈચ્છે તો, તેઓ કેનેડામાં મુલાકાતી તરીકે રહેવા માટે મુલાકાતી રેકોર્ડ માટે અરજી કરી શકે છે.

જે વિદેશી નાગરિકોને બીજા એમ્પ્લોયર પાસેથી નોકરી મળે છે તેઓ જો ચોક્કસ માપદંડોને પૂર્ણ કરે તો તેમની અરજીની પ્રક્રિયા ચાલુ હોય ત્યારે નવી નોકરી પર કામ કરવાનું શરૂ કરી શકે છે.


**ANB Immigration Services,**
Toronto - Canada
905 230 4737
info@anbimmigration.com




HOMELIFE
HIGHER STANDARDS
TEAMKAPOOR
Own your Comfort Home
Himanshu Kakkad
himanshukakkad@gmail.com
+1(437)237-9999

# ધર્મ ઐક્ય થકી વિશ્વ શાંતિ

લેખકઃ - હસમુખ બી. પટેલ, 'હર્ષ'-'પરખ' અમદાવાદ-નારદીપુર



વિશ્વ ધર્મ દિવસ દર વર્ષે જાન્યુઆરીમાં ત્રીજા રવિવારે વિશ્વભરમાં ઊજવવામાં આવે છે. ઈસ 2024માં તારીખ 21 જાન્યુઆરીએ વિશ્વ ધર્મ દિવસ ઊજવવામાં આવેલ. ઈસ 2025માં તારીખ 19 જાન્યુઆરીએ વિશ્વ ધર્મ દિવસ ઊજવવામાં આવેલ. વર્તમાન વર્ષે ઈ.સ. 2026માં તારીખ 18 જાન્યુઆરીએ વિશ્વ ધર્મ દિવસ ઊજવાનાર છે. આવો પહેલો દિવસ 1950માં ઊજવવામાં આવ્યો હતો. આ દિવસની ઊજવણી યુનાઈટેડ સ્ટેટ્સથી શરૂ થયેલી હતી અને બહાઈ ધર્મના અનુયાયીઓ દ્વારા વિશ્વ ધર્મ દિવસની આંતરરાષ્ટ્રીય સ્તરે ઊજવણી કરવામાં આવે છે. વિશ્વ ધર્મ દિવસનો હેતુ એક મજબૂત વિચારધારા સાથે સંલગ્ન છે. વિશ્વના તમામ ધર્મો અંતર્ગત આધ્યાત્મિક સિદ્ધાંતો સુમેળભર્યા છે, સાયુજ્ય ધરાવે છે. અને ધર્મો જ માનવતાના ઐક્યમાં સૌથી મહત્વની ભૂમિકા ભજવે છે. દર વર્ષે જાન્યુઆરીના ત્રીજા રવિવારે ઊજવાતા વિશ્વ ધર્મ દિવસની કોઈ એક ચોક્કસ વિષયવસ્તુ ( થીમ ) સુનિશ્ચિત કરવામાં આવતી નથી, પરંતુ વિશ્વના તમામ ધર્મોને લક્ષમાં રાખીને માનવજીવન ઐક્ય અને સ્નેહોર્મિથી ઉત્કૃષ્ટ બને એ પ્રમાણે સામૂહિક વૈવિધ્યપૂર્ણ વિષયવસ્તુ નક્કી કરવામાં આવે છે. આ વખતની Theme ( વિષયવસ્તુ ) વિશ્વભરના તમામ ધર્મો વચ્ચે શાંતિ અને સમજણને પ્રોત્સાહન આપી વિશ્વશાંતિ લહેરાવવાની છે. જે તે ધર્મના અનુયાયીઓને અન્ય ધર્મ વિશે માહિતગાર કરવાનો છે, બીજા ધર્મો પ્રત્યે આદર કેળવવાનો છે અને તમામ ધર્મોને એકબીજા સાથે જોડવાનો છે. આમ, દર વર્ષે જાન્યુઆરીના ત્રીજા રવિવારે વિશ્વ ધર્મ દિવસ ઉજવવામાં આવે છે. જોકે, તેની કોઈ વાર્ષિક થીમ નક્કી નથી. તેના બદલે, વિવિધ સંગઠનો દર વર્ષે "એક ભગવાન, અનેક માર્ગો" અથવા "ધાર્મિક એકતા" જેવા બધા ધર્મો વચ્ચે શાંતિ, ભાઈચારો અને સમજણને પ્રોત્સાહન આપવા પર ભાર મૂકે છે. તાજેતરના વર્ષોમાં, આ કાર્યક્રમોમાં "ધર્મો દ્વારા એકતા," "શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ," અને "બધા ધર્મો માટે આદર" જેવા સંદેશાઓ પર ભાર મૂકવામાં આવ્યો છે, જે વિવિધ ધર્મો વચ્ચે સંવાદિતા સ્થાપિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

આમ જોઈએ તો જગતના બધા ધર્મ સમાન લાક્ષણિકતાઓ ધરાવે છે. એકબીજા પરત્વે આદર સન્માન રાખવા, અન્યોન્ય પ્રેમ અને લાગણી રાખવા, સૌ કોઈને મદદ કરવી, જીવદયા રાખવી અને અબોલ જીવ સુરક્ષા કરવી, અન્ય ધર્મના લોકોને આદરપૂર્વક હળવું-મળવું, સર્વ પ્રત્યે સમભાવ રાખવો અને તમામ સંસ્કૃતિઓનો આદર કરવો. જન્મે સૌ માનવી સરખા જ છે, તેમના ધર્મ અને વસવાટને ધ્યાનમાં લીધા સિવાય બધાને સમાન અધિકારો મળવા જોઈએ. વિશ્વ ધર્મ દિવસ લોકોને વિવિધ ધર્મોના અન્ય લોકોને જાણવાની અને શાંતિપૂર્ણ માધ્યમથી ધાર્મિક તફાવતો વિશે શીખવાની તક પૂરી પાડે છે. બહાઈ ધર્મની રાષ્ટ્રીય આધ્યાત્મિક સભાએ ઈસ 1947માં 'વિશ્વ શાંતિ દ્વારા વિશ્વ ધર્મ' નામના વાર્ષિક કાર્યક્રમનું ઈસ્ટલેન્ડ પાર્ક હોટેલમાં આયોજન કર્યું હતું. ઈસ 1950 થી આ આયોજનને વિશ્વ ધર્મ દિવસ તરીકે ઓળખવામાં આવ્યું. વિશ્વના ઘણા બધા ભાગોમાં વિશ્વ ધર્મ દિવસ ઊજવવામાં આવે છે અને તે વિવિધ ધર્મો, સંસ્કૃતિઓને સમજવા અને વિવિધ ધર્મના લોકો સાથે ભળવા માટે એક દૈદિપ્યમાન અને તેજસ્વી ઊજવણી છે.

વિશ્વ ધર્મ દિવસ ઊજવણીની રીતોઃ

વિવિધ ધર્મ દ્વારા આયોજિત કાર્યક્રમમાં જોડાઈને અન્ય ધર્મના લોકો સાથે ભળીને તેમના અનુભવો અને માન્યતાઓને વધુ સારી રીતે સમજવી.

અન્યોન્ય ધાર્મિક કાર્યક્રમોમાં હાજર રહીને વિધવિધ ધાર્મિક અનુભવોથી ટેવાવું. અન્ય ધાર્મિક માન્યતાઓ અને ભાવનાઓ સાથે સૌહાર્દપૂર્ણ સાયુજ્ય કેળવવું.

ધાર્મિક મેળાવડામાં ખાસ સેવાઓમાં હાજરી આપીને અન્ય ધર્મોનો આદર દ્વારા સાર્વત્રિક સંદેશને સમજવો/સમજાવવો.

પરસ્પર એકબીજા સાથે આદર અને સમજણ વધે એ હેતુ થકી ઊજવણી કરવી. જેથી આપણે દરેક માટે એક સારી દુનિયા બનાવી શકીએ.

અન્ય ધર્મની ઊજવણીની મનગમતી બાબતો/વાતો/ઘટનાઓ/પ્રસંગોને પોતાના ધાર્મિક કાર્યક્રમમાં રજૂ કરીને સૌને પ્રોત્સાહિત કરવા.

જગતમાં બીજા તમામ ધાર્મિક તહેવારોને આદર આપી પોતાન ધર્મ સાથે જોડાણનું નિરૂપણ કરવું.

બીજા ધર્મની સારી બાબતો/શિખામણો/ઉપદેશોને સ્વીકારવા અને પોતાના ધર્મના અનુયાયીઓને સમજ આપવી.

વિશ્વ ધર્મ દિવસની પ્રવૃત્તિઓમાં વિવિધ ધર્મો વિશે શીખવું, પરંપરાગત ખોરાક રાંધવા અને આંતરધાર્મિક કાર્યક્રમોમાં હાજરી આપવાનો સમાવેશ થાય છે. વિશ્વ ધર્મ દિવસનો ધ્યેય વિવિધ ધર્મોના લોકોમાં સમજણ અને સંવાદિતાને પ્રોત્સાહન આપવાનો છે.

વિશ્વ ધર્મ દિવસના સંદેશાઓમાં સમાવિષ્ટ મુખ્ય મુદ્દાઓઃ

એકતા અને ભાઈચારોઃ બધા ધર્મોના લોકોએ વિશ્વમાં શાંતિ અને એકતાનો સંદેશ ફેલાવવા માટે એક સાથે આવવું જોઈએ.

સમાનતા અને સંવાદિતાઃ વિવિધ ધાર્મિક માન્યતાઓનો આદર કરતી વખતે સમાનતા અને પ્રેમની ભાવના જાળવી રાખવી.

એક ભગવાન, અનેક માર્ગોઃ સમજાવવું કે ભગવાન એક છે અને તેમને પ્રાપ્ત કરવાના માર્ગો અલગ અલગ હોઈ શકે છે.

ધાર્મિક સમજણઃ એકબીજાના ધર્મોને જાણવા અને સમજવાનો પ્રયાસ કરવો.

વિશ્વના ૧૨ મુખ્ય ધર્મોમાં ખ્રિસ્તી ધર્મ, ઈસ્લામ, હિન્દુ ધર્મ, બૌદ્ધ ધર્મ, યહૂદી ધર્મ, શીખ ધર્મ, જૈન ધર્મ, બહાઈ ધર્મ, શિન્ટો ધર્મ, તાઓ ધર્મ, કન્ફ્યુશિયન ધર્મ અને પારસી ધર્મનો સમાવેશ થાય છે, જે વિશ્વની મોટાભાગની વસ્તીનું પ્રતિનિધિત્વ કરે છે, જેમાં ખ્રિસ્તી ધર્મ અને ઈસ્લામ સૌથી મોટા છે.

વિશ્વના મુખ્ય ૧૨ ધર્મો ( ૧૨ મુખ્ય ધર્મોની યાદી ): ૧. ખ્રિસ્તી ધર્મઃ વિકિપીડિયા અનુસાર ઘણી શાખાઓ (કેથોલિક, પ્રોટેસ્ટંટ, રૂઢિચુસ્ત) સાથે વિશ્વનો સૌથી મોટો ધર્મ. ૨. ઈસ્લામઃ સુન્ની અને શિયા જેવા સંપ્રદાયો સાથેનો બીજો સૌથી મોટો ધર્મ. ૩. હિન્દુ ધર્મઃ ભારતમાં ઉદ્ભવેલો, તે વિશ્વના પ્રાચીન ધર્મોમાંનો એક છે. ૪. બૌદ્ધ ધર્મઃ સિદ્ધાર્થ ગૌતમ (બુદ્ધ) દ્વારા સ્થાપિત, શાંતિ અને ધ્યાન પર કેન્દ્રિત. ૫. યહૂદી ધર્મઃ પ્રાચીન યહૂદી લોકોનો ધર્મ, જે ખ્રિસ્તી ધર્મ અને ઈસ્લામનો આધાર પણ છે. ૬. શીખ ધર્મઃ ભારતમાં ઉદ્ભવેલો એકેશ્વરવાદી ધર્મ, જે ગુરુ નાનક દેવ દ્વારા સ્થાપિત થયો હતો. ૭. જૈન ધર્મઃ ભારતમાં ઉદ્ભવ્યો, અહિંસા અને તપસ્વીતા પર ભાર મૂક્યો. ૮. બહાઈ ધર્મઃ ૧૯મી સદીમાં ઉદ્ભવ્યો, એકતા અને વિશ્વ શાંતિ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. ૯. શિન્ટોઃ જાપાનનો સ્વદેશી ધર્મ, પ્રકૃતિ અને પૂર્વજોની પૂજા કરતો. ૧૦. તાઓવાદ/દાઓવાદઃ ચીનમાં ઉદ્ભવ્યો, કુદરતી માર્ગ (તાઓ) સાથે સુમેળ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. ૧૧. કન્ફ્યુશિયનવાદઃ નૈતિકતા અને સામાજિક વ્યવસ્થા પર આધારિત ચીની ફિલસૂફી/ધર્મ, જેની સ્થાપના કન્ફ્યુશિયસ દ્વારા કરવામાં આવી હતી. ૧૨. પારસી ધર્મઃ પ્રાચીન પર્શિયા (ઈરાન)માં ઉદ્ભવેલો એકેશ્વરવાદી ધર્મ.

આ ધર્મો વિશ્વની ૮૩% વસ્તીનું પ્રતિનિધિત્વ કરે છે અને સૌથી અગ્રણી આધ્યાત્મિક પરંપરાઓ માનવામાં આવે છે.

હિન્દુ ધર્મ - ઉદ્ભવઃ સિંધુ નદીની ખીણ (આધુનિક પાકિસ્તાન), ૨૩૦૦ થી ૧૫૦૦ બીસીઈ હિન્દુ ધર્મને આજે પણ પ્રચલિત વિશ્વનો સૌથી જૂનો ધર્મ માનવામાં આવે છે. આ માન્યતાના આધારે, તેને વિશ્વનો પ્રથમ ધર્મ પણ ગણી શકાય જે હજુ પણ પ્રચલિત છે.

જો કે મહદંશે વિશ્વના મુખ્ય ધર્મો છ ગણાય છેઃ ખ્રિસ્તી ધર્મ, બૌદ્ધ ધર્મ, ઈસ્લામ ધર્મ, હિન્દુ ધર્મ, યહૂદી ધર્મ અને શીખ ધર્મ છે. વિશ્વના લગભગ પંચાવન ટકા લોકો આ છ ધર્મોમાંથી એકનું પાલન કરે છે. વિશ્વ ધર્મ દિવસ તેમની સમાનતાઓ અને સમગ્ર ગ્રહ પરના લોકોને એક કરવામાં ધર્મે ભજવેલી ભૂમિકાને પ્રોત્સાહન આપે છે. બીજા ધર્મના લોકો સાથેનું જોડાણ એમની આધ્યાત્મિક વિચારધારાઓને સમજી શકવામાં મદદરૂપ થાય છે. પરસ્પરનો ધાર્મિક સાંસ્કૃતિક સહવાસ ભિન્ન ભિન્ન આધ્યાત્મિક અનુભવોમાં ગહન મનન કરાવે છે.

આવો, આપણે સૌ તા. 18 જાન્યુઆરી, 2026ના રોજ વિશ્વ ધર્મ દિવસ ( World Religion Day ) સ્નેહના સથવારે ઊજવીએ. કેનેડાના અગ્રગણ્ય ગુજરાતી અઠવાડિક 'ગરવી ગુજરાત' મારફતે આપણે બીજા ધર્મના અનુયાયીઓને મળીએ, સમજીએ, સ્વીકારીએ, સજાવીએને ભેટીએ. એમની સારી બાબતો આપણે સ્વીકારીએ, આપણા ધર્મની શ્રેષ્ઠ બાબતોની અન્ય સૌને જાણકારી આપીએ. ધર્મ થકી વિશ્વશાંતિનું સ્થાપન કરવાના અભિયાનમાં એક સાચા અને જવાબદાર સાહિત્યકાર / વાચક તરીકે 'ગરવી ગુજરાત 'ના માધ્યમથી સૌ કોઈને જાગૃત કરીએ.

# કેનેડાની ધરતી પર 'ઝોળી પર્વ'ની દિવ્ય ઉજવણી: યોગી ડિવાઈન સોસાયટી દ્વારા મકરસંક્રાંતિના પવિત્ર અવસરે ભક્તિ અને સમર્પણનો અનોખો સંગમ

























ટોરોન્ટો/કેનેડા. ભારતીય સંસ્કૃતિમાં ઉત્સવો માત્ર મનોરંજન અને આનંદ માટે નથી, પરંતુ તે આત્માના ઉર્ધ્વગમનનું નિમિત્ત છે. આવી જ ઉચ્ચ આધ્યાત્મિક ભાવના સાથે મકરસંક્રાંતિના પવિત્ર પર્વે, યોગી ડિવાઈન સોસાયટી (YDS) કેનેડા દ્વારા પરમ પૂજ્ય હરિપ્રસાદ સ્વામીજીની વિચારધારા અને પ્રગટ ગુરુહરિ પ્રબોધજીવન સ્વામીજીના આશીર્વાદથી 'ઝોળી પર્વ'ની દિવ્ય ઉજવણી, પ્રોફેશનલ કોર્ટ પર સ્થીત હિન્દુ સ્વામિનારાયણ મંદિરમાં, કરવામાં આવી હતી. ટોરોન્ટોના આસપાસના વિવિધ શહેરોમાં વસતા હરિભક્તો, યુવાનો અને યુવતીઓ આ અવસરમાં જોડાઈને ભક્તિના અનોખા રંગમાં રંગાયા હતા.

કાર્યક્રમની શરૂઆત હૃદયસ્પર્શી ભક્તિમય કીર્તનોથી થઈ હતી. ત્યારબાદ, મકરસંક્રાંતિના આધ્યાત્મિક રહસ્યો પર પ્રકાશ પાડતા YDS કેનેડાના અગ્રણી કાર્યકર પૂજ્ય જે.પી. ભાઈએ ભગવાન સ્વામિનારાયણનો પ્રસંગ યાદ અપાવ્યો હતો. તેમણે જણાવ્યું કે, ભગવાન સ્વામિનારાયણે સારંગપુરની ધરતી પર વચન આપ્યું હતું કે, "અમારી ઝોળીમાં જેણે એક દાણો પણ નાખ્યો હશે, તેને અમે અક્ષરધામમાં તેડી જઈશું."

પૂજ્ય જે.પી.ભાઈએ પ્રગટ ગુરુહરિ પ્રબોધજીવન સ્વામીજીના ઉત્તરાયણ વિશેના દિવ્ય વિચારો રજૂ કરતા કહ્યું કે, "આપણે આપણા જીવનની દોરી ભગવાન અને સંતના હાથમાં સોંપી દેવાની છે. આપણે તો પતંગ બનવાનું છે, પછી ભગવાન અને સંત આપણને જેમ ચગાવવા હોય તેમ ચગાવે; સ્થિર રાખવા હોય કે ડોલાવવા હોય, બધું જ તેમની મરજી પર છોડી દેવું."


વિડિયો માધ્યમ દ્વારા આશીર્વાદ આપતા પ્રગટ ગુરુહરિ પ્રબોધજીવન સ્વામીજીએ પ્રવચનમાં જણાવ્યું હતું કે, "ભગવાન આપણું અજ્ઞાન લેવા માંગે છે, તેથી આપણે ઝોળીમાં આપણું અજ્ઞાન મૂકવું જોઈએ." તેમણે વધુમાં ઉમેર્યું કે જીવનમાં રાખવા જેવા તો કેવળ એક ભગવાન જ છે, માટે આપણે પ્રભુ પાસે એટલું જ માંગવું કે 'હે પ્રભુ! તમે અમારા અને અમે તમારા.'

ભક્તિમય પૂર્ણાહુતિ: ઉત્સવના અંતિમ ચરણમાં, યુવાનોએ સંતોનો વેશ ધારણ કરી ઉપસ્થિત હરિભક્તો પાસે ઝોળી માંગી હતી. યુવકોમાં આધ્યાત્મિકતા અને ભક્તિના અનેરા સિંચનનાં દર્શન થયાં. ઉત્તરાયણ ખરા અર્થમાં ઉર્ધ્વગમન બને, ઉર્ધ્વગમન એટલે શું? ભગવાન અને ભગવાનના નિર્મળ સંતની ઓળખાણ, જીવનમાં ચાલતા દ્વંદ્વોમાંથી નિર્ભયતા, નિશ્ચિંતતા અને શુભ વિચારોથી ભરેલા જીવનની શરૂઆત, ભગવાનના થઈને જીવવાની તાલાવેલી. આ ભાવનાઓ હાજર પ્રત્યેક હરિભક્તને આ કાર્યક્રમ દરમિયાન અનુભવાતી હતી.

કેનેડાની ધરતી પર ભારતીય સંસ્કૃતિ, સંસ્કારો અને ભક્તિની જ્યોત સતત પ્રજ્વલિત રહે—આ પવિત્ર ભાવનાને હૃદયમાં ધારણ કરીને 'યોગી ડિવાઈન સોસાયટી કેનેડા' દ્વારા મિસિસાગા સ્થિત હિન્દુ સ્વામિનારાયણ મંદિરમાં વિવિધ હિન્દુ તહેવારોની ઉજવણી ઉત્સાહ અને ઉમંગ સાથે કરવામાં આવે છે.

આ જ ભાવનાને આગળ વધારતા, આવનારા ૨૫ જાન્યુઆરીએ સાંજે ૫:૦૦ વાગ્યે ત્રિવેણી સંગમની પાવન ઉજવણી નિમિત્તે એક વિશેષ સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ દિવસે વસંત પંચમી, ગુરુહરી શાસ્ત્રીજી મહારાજના પ્રાગટ્ય દિવસ અને ભગવાન સ્વામિનારાયણ રચિત શિક્ષાપત્રી દ્વિશતાબ્દી જયંતિ—આ ત્રણે પવિત્ર પ્રસંગોને એક સાથે ઉજવવાનો સુવર્ણ અવસર પ્રાપ્ત થવાનો છે.

આ પવિત્ર અને ભાવભર્યા કાર્યક્રમમાં આપ સૌએ હર્ષભેર ઉપસ્થિત રહીને પુણ્યલાભ લેવાની વિનંતી



DP
DHARMENDRA PATEL

# DHARMENDRA PATEL

**FINANCIAL ADVISOR**



**INSURANCE**

- Life & Critical Illness Insurance
- Mortgage Protection Insurance
- Travel & Super Visa Insurance
- Disability Insurance
- Medical Insurance

**INVESTMENTS**

- RRSP, RDSP, TFSA, RRIF & Annuities
- Children Education Plans
- Estate Planning

Contact : (647) 834-8690
@ Dharmendrapatel@primerica.com

insureline PEARL

COMMERCIAL HOME AUTO TRAVEL

**Dharmendra Patel** RIBO

M : 647 834 8690
O : 647 507 9219 | F: 647 872 9219
dharma.patel@insureline.com | www.insurelinepearl.com
7900 Hurontario Street, Unit 302 Brampton, ON L6Y OP6
Independently Owned & Operated

# સામાજિક સભ્યતા.....

લેખક શ્રી પરેશભાઈ શાહ શિક્ષણવિદ વડોદરા ગુજરાત

તમે માનવ મનોવિજ્ઞાન અને સમાજની જે વરવી વાસ્તવિકતા રજૂ કરી છે, તે એકદમ સચોટ અને કડવું સત્ય છે. આપણે જેને 'સભ્યતા' કહીએ છીએ, તે ઘણીવાર માત્ર એક 'સારી રીતે પહેરેલો મહોરો' હોય છે

"સમાનતા" - એક સામાજિક નાટક

તમે કહ્યું તેમ, મોટાભાગના લોકો જાહેરમાં કહે છે કે "અમે તો બધાને સમાન ગણીએ છીએ," પરંતુ આ વિધાનમાં જ એક સૂક્ષ્મ અહંકાર છુપાયેલો છે. જ્યારે કોઈ વ્યક્તિ એમ કહે છે કે હું 'નીચલા' માણસને પણ સમાન ગણું છું, ત્યારે તે અજાણતાં જ સ્વીકારી લે છે કે તે વ્યક્તિ તેનાથી 'નીચલી' છે.

એક મોટી કંપનીના માલિક તેના ડ્રાઈવર સાથે મજાક કરે, તેના ખભે હાથ મૂકે - આ દ્રશ્ય જોઈને લોકોને લાગે કે શેઠ કેટલા ડાઉન-ટુ-અર્થ છે. પણ શું એ શેઠ તે ડ્રાઈવરને પોતાના ડાઈનિંગ ટેબલ પર સાથે જમવા બેસાડશે? શું તે ડ્રાઈવરના દીકરા માટે પણ એવી જ લાગણી રાખશે જેવી પોતાના બિઝનેસ પાર્ટનરના દીકરા માટે રાખે છે? જવાબ છે - ના. પેલો ખભે હાથ મૂકવો એ 'Exhibition' (પ્રદર્શન) હતું, અંદરનો 'સંભાવ' નહીં.

જીવનની રેસ અને બદલાતા સમીકરણો

શાળા કે કોલેજમાં એક જ બેંચ પર બેસતા બે મિત્રો જ્યારે ૧૫-૨૦ વર્ષ પછી મળે છે, ત્યારે તેમની વચ્ચેની 'સમાનતા' માત્ર યાદો પૂરતી સીમિત રહી જાય છે.

એક રિયુનિયન (Reunion) ફંક્શન ચાલી રહ્યું છે. જે મિત્ર અત્યારે IAS ઓફિસર કે મોટો ઉદ્યોગપતિ છે, તેની આસપાસ બધાનું ટોળું વળેલું હશે. પણ જે મિત્ર સામાન્ય ક્લાર્ક રહી ગયો છે અથવા સંઘર્ષ કરી રહ્યો છે, તેની સાથે લોકો માત્ર ઔપચારિક હાય-હેલો કરશે. પેલા સફળ મિત્રના મનમાં કદાચ દયા હશે, પણ 'સમાનતા' નહી હોય. તેના મનમાં સતત એ સરખામણી ચાલતી હશે કે "હું ક્યાં પહોંચી ગયો અને આ ક્યાં રહી ગયો." આ જે કરુણા કે દયાનો ભાવ છે, તે પણ એક પ્રકારનું અપમાન જ છે, કારણ કે સમાનતામાં દયા ન હોય, આદર હોય.

"કેટલો કામ લાગશે?" - સંબંધોનું વ્યાપારીકરણ

આજના સમયમાં માણસનું વજન તેના શરીરથી નહીં, પણ તેના 'પદ' અને 'ઉપયોગિતા'થી થાય છે. આપણે અજાણતા જ સામેવાળાનું 'સ્કેનિંગ' કરી લઈએ છીએ.

હોસ્પિટલમાં જો કોઈ સામાન્ય માણસ બિમાર હોય તો આપણે માત્ર ખબર કાઢવા જવાની ઔપચારિકતા કરીએ છીએ. પણ જો કોઈ રાજનેતા કે સરકારી અધિકારી બિમાર હોય, તો લોકો હોસ્પિટલની બહાર લાઈન લગાવે છે. આ ચિંતા દર્દી માટે નથી, પણ ભવિષ્યમાં તે વ્યક્તિ ક્યાં કામ લાગશે, તેની ગણતરી છે.

લગ્ન પ્રસંગે ગેટ પર ઉભેલો યજમાન કોઈ ગરીબ સગા આવે તો માત્ર હાથ જોડીને આગળ જવા કહેશે, પણ જો કોઈ શ્રીમંત કે વગદાર વ્યક્તિ આવે તો તે છેક સ્ટેજ સુધી મુકવા જશે. અહીં સમાનતાનો છેદ ઉડી જાય છે.

ગાંધીજી અને સાચો સમભાવ

'સમાનતા' (Equality) અને 'તાદાત્મ્ય' (Empathy) વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરે છે.

આજના નેતાઓ ગરીબોની વસ્તીમાં જઈને ફોટો પડાવે છે - એ પ્રદર્શન છે. ગાંધીજીએ જ્યારે જોયું કે દેશની મહિલાઓ પાસે પૂરતા વસ્ત્રો નથી, ત્યારે તેમણે પોતે પણ આજીવન શરીર પરથી વસ્ત્રો ત્યાગી દીધા. આને કહેવાય કે સામેવાળાની પીડાને પોતાની પીડા ગણવી. આજે આપણે અનુકૂળતા મુજબ કપડાં બદલીએ છીએ, વિચારો નહીં, વાણી અને વર્તનમાં વિરોધાભાસ

આપણે આધ્યાત્મિક વાતોમાં કહીએ છીએ કે "સૌમાં ઈશ્વર વસે છે," પણ વ્યવહારમાં આપણે ઈશ્વરને પણ 'વર્ગ' (Class)માં વહેંચી દીધા છે.

ઘરમાં કામ કરતી બાઈ કે ડ્રાઈવર જ્યારે રજા માંગે ત્યારે શેઠાણીનો જે અવાજ અને તોછડાઈ હોય છે, અને એ જ શેઠાણી જ્યારે કીટી પાર્ટીમાં મિત્રો સાથે વાત કરે ત્યારે જે મીઠાશ હોય છે - આ બે અવાજો વચ્ચેનું અંતર જ આપણી અસલી ઓળખ છે. જો તમે વેઈટર સાથે અને કલેક્ટર સાથે એક જ ટોન (Tone) અને આદરથી વાત કરી શકો, તો જ તમે સાચા અર્થમાં 'માણસ' છો.

સો ટકા સાચી છે કે સાચો સમભાવ કેળવવો અત્યંત કઠિન છે.

અસમાનતા: એ નૈસર્ગિક સત્ય બની ગયું છે (Survival of the fittest).

સમાનતાનો ડોળ: એ સામાજિક જરૂરિયાત બની ગઈ છે (Social Lubricant).

સાચો સમભાવ: એ એક સાધના છે.

જો કોઈ વ્યક્તિ પદ, પૈસા કે પ્રતિષ્ઠાને બાજુ પર મૂકીને, સામેવાળાના 'હોવાપણા' (Being)ને સ્વીકારી શકે, તો જ તે ઈશ્વરની બનાવેલી પરીક્ષામાં પાસ થયો ગણાય. બાકી તો આપણે સૌ અનુકૂળતાના મુખવટા પહેરીને ફરતા કલાકારો જ છીએ. જે દિવસે આપણે "આ મારો શું ફાયદો કરાવશે?" એ વિચાર્યા વગર કોઈની સાથે પ્રેમથી વર્તીએ, ત્યારે સમજવું કે આપણે માનવતાના ઉંબરે પગ મૂક્યો છે.

EDM Elite Digital Marketing LETS BE POPULAR
ELITE
PRINT & DIGITAL MARKETING
Lowest Price
- Business Card, Flyers, Brochures, Posters Banners etc.
- All other Printing
- Website Development
- Social Media Management/SEO
- Graphic Design
- Excel VBA consulting
- Automation Project
- Start Up Consulting
facebook Link
Chat
Let's Start!
Parth Patel
647 655 5029
Let's Be popular
Find on Google

# સર્વાઈકલ કેન્સર : વેક્સિન હોવા છતા જાગૃતિનાં અભાવે મહિલાઓમાં સૌથી વધારે જોવા મળતું કેન્સર



લેખક ડો નિકુંજભાઈ વિઠલાણી, કેન્સર સ્પેશિયાલિસ્ટ સુરત ગુજરાત

સર્વાઈકલ કેન્સર એટલે કે ગર્ભાશયના મુખનું કેન્સર એ મહિલાઓમાં થતા સૌથી સામાન્ય અને ગંભીર કેન્સરોમાંનું એક છે. વિશ્વ આરોગ્ય સંસ્થા-WHO પ્રમાણે વિશ્વભરમાં દર વર્ષે સર્વાઈકલ કેન્સરનાં લગભગ 6 લાખ નવા કેસ સામે આવે છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે સર્વાઈકલ કેન્સર એ ગણ્યા-ગાંઠ્યા કેન્સરોમાં સામેલ છે જેને સમયસર તપાસ અને વેક્સિનેશન દ્વારા રોકી શકાય એ હોવા છતા જાગૃતિ અને નિયમિત સ્ક્રીનિંગના અભાવે આ કેન્સર જીવલેણ બની જાય છે.

**સર્વાઈકલ કેન્સર શું છે?**

સર્વિક્સ એટલે કે ગર્ભાશયનાં મુખનાં ભાગના કોષોમાં જ્યારે અસામાન્ય ફેરફારો લાંબા સમય સુધી ચાલુ રહે અને ધીમે ધીમે કેન્સરમાં ફેરવાઈ જાય છે, ત્યારે તેને સર્વાઈકલ કેન્સર કહેવામાં આવે છે. આ પ્રક્રિયા તાત્કાલિક નહીં, પરંતુ 10-15 વર્ષમાં ધીમે ધીમે થાય છે. આ જ કારણ છે કે નિયમિત તપાસ દ્વારા તેને શરૂઆતના તબક્કે પકડી શકાય છે અને અટકાવી શકાય છે.

**સર્વાઈકલ કેન્સરનું મુખ્ય કારણઃ HPV ઈન્ફેક્શન**

સર્વાઈકલ કેન્સરનું સૌથી મોટું કારણ હ્યુમન પેપિલોમા વાયરસ (HPV) છે. HPV એ સેક્સ્યુઅલી ટ્રાન્સમિટેડ વાયરસ છે. તેના 200 થી વધુ પ્રકારો છે, પરંતુ HPV-16 અને HPV-18 લગભગ 70% કેસ માટે જવાબદાર છે. મોટાભાગના HPV ઈન્ફેક્શન શરીર જાતે જ સારા કરી દે છે, પરંતુ સતત રહેતું ઈન્ફેક્શન કેન્સરનું જોખમ વધારે છે.

**કોને વધારે જોખમ છે?**

- નાની ઉંમરે જેમણે સેક્સુઅલ લાઈફ શરૂ કરી હોય
- જેમનાં એકથી વધુ સેક્સુઅલ પાર્ટનર હોય
- વારંવાર ગર્ભધારણ કર્યો હોય
- ધૂમ્રપાનની આદત હોય
- નબળી રોગપ્રતિકારક શક્તિ હોય
- લાંબા સમય સુધી ઓરલ કોન્ટ્રાસેપ્ટિવ પિલ્સનો ઉપયોગ કર્યો હોય
- નિયમિત સ્ક્રીનિંગ ન કરાવ્યું હોય

લક્ષણોઃ યોનિમાર્ગમાંથી અસામાન્ય બ્લિડીંગ

- સેક્સુઅલ સંબંધ બાંધ્યા પછી બ્લીડિંગ થવું
- દુર્ગંધયુક્ત અથવા વધુ પડતો ડિસ્ચાર્જ
- પેલ્વિક પેઈન

**આ તપાસ દ્વારા સર્વાઈકલ કેન્સરની આગોતરી જાણ થઈ શકે :**

- પેપ સ્મીયર : આ ટેસ્ટમાં સર્વિક્સનાં કોષોની તપાસ થાય છે. જે 21 વર્ષની ઉંમરથી દર 3 વર્ષે કરાવવું જોઈએ.

HPV DNA ટેસ્ટઃ જેમાં હાઈ-રિસ્ક HPVની ઓળખ થાય છે. આ ટેસ્ટ 30 વર્ષની ઉંમર પછી વધુ અસરકારક છે. દર 5 વર્ષે કરાવવું જોઈએ.

**વેક્સિન મુકાવી પ્રોટેક્શન મેળવી શકાય.**

સર્વાઈકલ કેન્સર એ એક માત્ર એવું કેન્સર છે, જેની વેક્સિન મૂકી એની સામે પ્રોટેક્શન મેળવી શકાય છે. વેક્સિન વિશે વધુ માહિતી આવતા અંકમાં આપીશું.







HOMELIFE
HIGHER STANDARDS

HOMELIFE/MIRACLE REALTY LTD.

Brokerage, Independently
Owned & Operated

SANJU PATEL
Broker



DIRECT 647-721-0491
OFFICE 905-454-4000
FAX 905-463-0811

REALTOR®
MLS MULTIPLE LISTING SERVICE®

Email realtorsanju@gmail. com
Web www. shivbijhomes. com

# રાષ્ટ્રીય યુવા દિવસ

લેખકઃ ઘનશ્યામ પટેલ ( ખુશ ) કેલગરી, કેનેડા.

‘ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો’ - સ્વામી વિવેકાનંદ. ૧૨ જાન્યુઆરી એટલે મહાન દેશભક્ત, ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર સ્વામી વિવેકાનંદનો જન્મ દિવસ. ભારત સરકારે આ દિવસને ૧૯૮૪માં સમગ્ર ભારતમાં “ રાષ્ટ્રીય યુવા દિવસ “ તરીકે ઉજવવાનું નક્કી કરેલ છે. તેનો મુખ્ય હેતુ ભારતના યુવાન, યુવતીઓ સ્વામીજીના આદર્શો, વિચારો સમજે અને તેને અનુસરે તે છે. સ્વામીજીના મતે “ યુવાનો એ આપણા ભવિષ્યની આશા છે, દુનિયાની મોટામાં મોટી શક્તિ યુવાનો છે .” તેઓ યુવાનને કહેતા, “You can do any thing and every thing“. તેઓને દેશના યુવાનોમાં ખૂબ જ વિશ્વાસ હતો. તેઓ જણાવતા કે, મારે જોઈએ બળવાન અને શક્તિશાળી, ઈશ્વરમાં શ્રદ્ધા રાખનારા ૧૦૦ યુવાનો, જો તે મને મળે તો આ જગતમાં ક્રાંતિ કરી બતાવું. તેઓના મતે સંપૂર્ણ પ્રમાણિકતા ,પવિત્રતા, પ્રચંડ બુદ્ધિમત્તા અને સમગ્ર વિશ્વને જીતવાની વૃત્તિ વાળા યુવાનો હોય તો આખું જગત ક્રાંતિને આરે આવીને ઉભું રહે .તેઓનો યુવાનને સંદેશ હતો, “ ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો .” તેઓ યુવાનને કહેતા, “ બધીજ શક્તિઓ તમારામાં છે. તમે કોઈ પણ કાર્ય કરવા સમર્થ છો. તમે સ્વયં નબળા છો તેવું માનશો જ નહીં. તમે કોઈ પણ વ્યક્તિની મદદ કે માર્ગદર્શન લીધા સિવાય કંઈ પણ કરી શકો તેમ છો. તમે પાછું વળીને ના જોશો કે તમે શું કર્યું ? બસ આગળ જ વધો.” યુવાનોમાં હોશ અને જોશ બંને છે અને રાષ્ટ્ર પ્રત્યે બલિદાનની ભાવના પણ.

રાજ્યના ખેલ યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા યુવાનોમાં રહેલી આંતરિક શક્તિઓ અને કૌશલ્યો નો વિકાસ કરવા યુવા સંમેલન, યુવક મહોત્સવ યોજાય છે, જેમાં વિવિધ પ્રવૃતિઓ દ્વારા યુવાનોનું Talent બહાર લાવવા પ્રયાસ થાય છે. યુવાનોને પ્રોત્સાહિત કરવા યુવા પ્રતિભા સ્પર્ધા પણ યોજવામાં આવે છે. કેટલીક ધાર્મિક અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા યુવક અને યુવતી કેન્દ્ર શરૂ થયા છે, જેમાં યુવાનો સ્વૈચ્છીક રીતે જોડાય છે .અહીં તેઓ નિયમિત સમયદાન આપે છે, નિસ્વાર્થ પણે સેવા પણ આપે છે અને અન્ય યુવાનોને પ્રેરણા આપે છે. અહીં યુવાનો વ્યસનમુક્તિના તેમજ જીવન મૂલ્યોના પાઠ શીખે છે. આવા કેન્દ્રો યુવાનોના ચારિત્ય ઘડતરનું પ્રંશસનીય કાર્ય કરે છે. યુનાઈટેડ નેશન દ્વારા પણ ‘આંતરરાષ્ટ્રીય યુવા દિવસ ‘ દર વર્ષે યોજવામાં આવે છે, જેમાં શિક્ષણ અને રોજગાર અંગે ચર્ચા થાય છે અને પ્રદર્શન યોજાય છે. કેટલાક ગામ અને શહેરમાં યુવાનોએ Positive Thinking / Be Positive ગ્રુપની રચના કરી છે. જેમાં ઘણા યુવાન -યુવતી સામેલ થયા છે અને દેશસેવા તેમજ પ્રજા કલ્યાણના કાર્યો સ્વૈચ્છાએ નિસ્વાર્થભાવે કરી રહ્યાછે તે ખૂબજ આવકારદાયક અને સરાહનીય છે.

ઘણા યુવાનો રક્ત દાન કરી મનુષ્યની જિંદગી બચાવે છે, સાથે સાથે તેઓ જુદા જુદા બ્લડ ગ્રુપ ધરાવતા યુવાન, યુવતીઓની નામ અને ફોન નંબર સાથેની યાદી પણ રાખે છે અને પ્રજામાં તેને શેર કરે છે .જરૂરિયાત વાળી વ્યક્તિ તેનો ઉપયોગ કરી રક્ત મેળવી શકે છે. કેટલાક યુવાનો / યુવતીઓ રોટરી, લાયન્સ કે જેસીસ જેવી સેવાભાવી સંસ્થામાં જોડાઈ સમાજસેવાની પ્રવૃત્તિ કરે છે. પર્યાવરણની જાળવણીનું કાર્ય કરે છે. કેટલાક પક્ષીપ્રેમી યુવાનો ઉતરાયણના પર્વે પતંગ કે દોરીમાં ફસાયેલા ઘાયલ પક્ષીને બહાર કાઢી સારવાર કરી ઉત્તમ કાર્ય કરે છે. અન્ય યુવાન/ યુવતીઓ ઘરે ઘરે સંપર્ક કરી પેપર, મેગેઝીન, નોટબૂક કે નકામી પસ્તી એકત્ર કરી તેને વેચી નાણાં મેળવી તેમાંથી આર્થિક પછાત બાળકોને નોટબૂક અને શિક્ષણના સાધનો પણ આપે છે. ધન્ય છે આવા નવતર પ્રયોગમાં જોડાયેલ યુવાન, યુવતીઓને કેટલાક નોકરીના સમય પછી ઝૂપડપટ્ટીના બાળકોને શિક્ષણ આપવાનું શ્રેષ્ઠ પુનિત કાર્ય પણ કરે છે. ભૂખ્યાને ભોજન આપે છે, કડકડતી ઠંડીમાં ધ્રુજતા જરૂરીયાતમંદ લોકોને શાલ અને ધાબળા ઓઢાડી માનવસેવાનું પ્રંશસનીય કાર્ય પણ કરે છે .

અંતમાં આજના દિવસે યુવાપેઢીને એક જ શીખ છે કે કેફી માદક દ્રવ્યો, વ્યસનો તથા કુટેવોના માર્ગે મહામૂલી જિંદગી ન વેડફતા, દૂર્ગુણોથી દૂર રહી, સમય નો સદુપયોગ કરી પોતાની શક્તિઓનો પરિવાર, સમાજ અને દેશસેવા માટે વધુમાં વધુ ઉપયોગ કરી જીવન ધન્ય બનાવવું.

MURTI'S KITCHEN

Sweets | Farsan | Snacks

- Dal-Bati
- Dakor na Gota
- Pavbhaji
- Vadapav
- Dabeli
- Papdi no lot
- Lilva Kachori

- Ladu(Gud/Sugar)
- Mohanthhal
- Magas
- Mysore Pak
- Penda
- Kopra pak

- Fulwadi
- Khaman(Vatidal )
- Khaman(Nylon )
- Sev Khamani
- Fafda
- Chole Bhature
- Patties

Winter Special
METHI-PAK, ADADIYA-PAK, Khajur Pak (roll)

And Many more.

Swaminarayan & Farar food Available

We do Catering

ફ્રેશ एवम् ટેસ્ટી
Murti's Kitchen

CALL US FOR MORE DETAILS
647-389-7549

Family Events
Birthday Event
Office Event
Wedding

# કેનેડાથી વડતાલ ધામ સ્વામિનારાયણ સંપ્રદાયની ધર્મ ઉત્કર્ષ પદયાત્રા માટે પહોંચેલા હરિભક્તો

## ગઢપુરથી દ્વારકા સનાતન ધર્મ ઉત્કર્ષ પદયાત્રાનું આવતાં વર્ષે સોમનાથ ધામની યાત્રાના સંકલ્પ સાથે ભવ્યતાથી સમાપન થયું



ભગવાન શ્રી સ્વામિનારાયણે આજ્ઞા કરી છે કે મારાં આશ્રિતોએ દ્વારકા આદિ પવિત્ર તિર્થોની અવશ્ય યાત્રા કરવી, જેથી ભગવાન શ્રી સ્વામિનારાયણ 8માં વંશજ વડતાલ ગાદીના આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ અને નવમા વંશજ ભાવિ આચાર્ય શ્રીનૃગેન્દ્રપ્રસાદજીમહારાજશ્રી તથા પુજ્ય લાલજી શ્રી પુષ્પેન્દ્રપ્રસાદજી મહારાજ શ્રી તથા ધર્મકુળ પરિવાર શુભ સંકલ્પથી આ ભવ્ય પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે તારીખ.2/1/2026ના સવારે 6 કલાકે ગઢપુર શ્રી ગોપીનાથજી મહારાજ મંદિર ખાતેથી પુજ્ય લાલજી શ્રી યજ્ઞેન્દ્રપ્રસાદજીમહારાજ, પુજ્ય શ્રી દિગ્વિજયેન્દ્રપ્રસાદજી મહારાજ સાથે જે યાત્રાનાં રથમાં બિરાજમાન શ્રી દ્વારકાધીશ ભગવાન, શ્રી ગોપીનાથજી મહારાજ, શ્રી રાધારમણ દેવની આરતિ કરી યાત્રા પ્રસ્થાન કરાવ્યું હતું.

આ યાત્રા શ્રી એ.પી. સ્વામી તથા શાસ્ત્રી સ્વામી ઘનશ્યામવલ્લભદાસજીના માર્ગદર્શન હેઠળ આજ રોજ દ્વારકા પહોંચી હતી. જ્યાં પુજ્ય આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ શ્રી પધાર્યા હતા એમનાં દર્શનથી યાત્રીઓ ઝુમી ઉઠ્યા હતા. ધર્મકુળ પરિવાર અને હરિભક્તો દ્વારા શ્રી દ્વારકાધીશ મંદિરનેં ધજા ચડાવવા માટે પુજન કરવામાં આવ્યું હતું અને ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. આ યાત્રાના સમાપનમાં વડતાલથી શ્રી ધર્મકુળ પરિવાર પુજ્ય બન્ને વહુજી મહારાજ, શ્રીબચુબાશ્રી, બાબા રાજા શ્રી, શ્રી લાલીરાજા શ્રી ભાણીબાશ્રી પણ જોડાયા હતાં.

સમાપનમાં સનાતન ધર્મનાં નિંબાર્કપીઠ લીંબડીથી મહા મંગલેશ્વર શ્રી લલીતકિશોરચરણજી મહારાજ તથા ચનાવડા સિદ્ધ યોગ પીઠથી પુજ્ય શ્રી માનસરોવરદાસ બાપુ, શ્રી ચાપરડા ધામથી પુજ્ય શ્રી સદાનંદજીબાપુ, શ્રી ભાસ્કરાનંદજી બાપુજી જુનાગઢ બિલનાથધામથી પુજ્ય શ્રી ગણેશાનંદજી મહારાજ, પુજ્ય શ્રી નિલકંઠાનદજી મહારાજ, રામદેવપીર ધામ રામપરાથી પુજ્ય શ્રી રાધે કૃષ્ણ બાપુ તેમજ ગઢપુર, જુનાગઢ, વડતાલ આદિ ધામોથી સંતો પાર્ષદો ઉપસ્થિત રહ્યા હતાં.

આ પ્રસંગે ગઢપુરનાં નગરપાલિકાના પ્રમુખ અને શ્રી દાદા ખાચરનાં વંશજ શ્રી કિશોરભાઈ ખાચર અને લંડન, કેનેડા, અમેરિકાથી હરિભક્તો પદયાત્રામાં જોડાયાં હતાં. યાત્રા નાં સમાપનમાં ધર્મકુળ પરિવાર વતી પુજ્ય ભાવિ આચાર્ય શ્રીનૃગેન્દ્રપ્રસાદજીમહારાજશ્રી એ આવતાં વર્ષ ધનુર્માસમાં ગઢપુર શ્રી સોમનાથ ધામ પદયાત્રા કરવાંનો સંકલ્પ જાહેર કર્યો છે.

આ યાત્રામાં સનાતન ધર્મ એકતાનો સુંદર સંદેશ ફેલાયો છે. દરેક સ્થળે યાત્રા નિકળતાં ગામજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. રોજ ભક્તો ગામે ગામથી જોડાયાં હતાં 100 વાહનો સાથે સમાપનમાં 15 હજાર ભક્તો ઉપસ્થિત રહી અખીલ ભારતીય આહિર સમાજ વાડી ખાતે ક્યાંય ચાલવા કે બેસવાની જગ્યા













રહી ન હતી.

સનાતન ધર્મ ઉત્કર્ષ પદયાત્રા વ્યસન મુક્તિ આદિ જીવનની મહત્વની વાતનો સંદેશ આપતાં ધર્મનાં મુલ્યોનું માર્ગદર્શન રૂપ બેનરો સાથે યાત્રા દ્વારકામાં પહોચી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણની કર્મ ભૂમિથી ભગવાન શ્રી કૃષ્ણની કર્મ ભૂમિની આ યાત્રા ઐતિહાસિક રીતે સમાપ્ત થઇ હતી. જેમાં રોજે ભગવાનનાં અખંડ નામ જપ સાથે નિત્ય સંતોનાં સત્સંગ આદિ ધર્મલાભ મેળવી ભક્તો ભાવવિભોર થયા હતા.

340 કી.મી.ની આ યાત્રામાં રહેવા જમવાની વ્યવસ્થા સંપુર્ણ નિઃશુલ્ક કરવામાં આવી હતી.

આ યાત્રામાં સાંખ્યયોગી બહેનો પણ જોડાયા હતા. અને કેનેડાથી પહોંચેલા હરિભક્તો પણ જોડાઈને ખૂબ આનંદિત થયા હતા અને આવતા વર્ષે યોજાનાર પદયાત્રામાં વધુ સંખ્યામાં જોડાવાની તૈયારી સાથે પદયાત્રા પૂર્ણ કરી હતી.

જય શ્રી સ્વામિનારાયણ

# વધી રહી છે તમારા પેટની ચરબી ? તો તમારા ડાયેટમાં સામેલ કરો આ લોટની રોટલી , ઝડપથી ઘટશે વજન



લેખક દીનાબેન ગોપાણી , કેનેડા



WHOના રિપોર્ટ અનુસાર દર 10માંથી 8 લોકો સ્થૂળતાથી પીડિત છે. વજન વધવા પાછળનું સૌથી મોટું કારણ બિનઆરોગ્યપ્રદ આહાર છે. આજકાલ લોકો પોતાના આહારનું બિલકુલ ધ્યાન રાખતા નથી જેના કારણે તેઓ સ્થૂળતાનો શિકાર બને છે.

જો તમે સ્થૂળતાથી છુટકારો મેળવવા માંગતા હોવ તો તમારા આહારમાં થોડો ફેરફાર કરો.

જેમ કે ગ્લુટેન ધરાવતી વસ્તુઓનું સેવન ન કરો. ઘઉંના લોટમાં ગ્લુટેન જોવા મળે છે જે આપણું વજન વધારે છે, તેથી તે જરૂરી છે કે તમે પહેલા ઘઉંના રોટલા ખાવાનું બંધ કરો.

હવે તમે વિચારી રહ્યા હશો કે જો તમે ઘઉંના રોટલા નથી ખાતા તો તમારે શું ખાવું જોઈએ? તો ચાલો અમે તમને જાણવું કે તમારે તમારા આહારમાં કયા લોટના રોટલાનો સમાવેશ કરવો જોઈએ.

રાગી: રાગીને ઘણા વિસ્તારોમાં નાચની પણ કહેવામાં આવે છે. રાઈ જેવી દેખાતી રાગીમાં ભરપૂર માત્રામાં ફાઈબર હોય છે. તમારા આહારમાં રાગીનો સમાવેશ કરીને તમે સ્થૂળતાને ઝડપથી નિયંત્રિત કરી શકો છો. ઉલ્લેખનીય છે કે રાગી એક ગ્લૂટેન ફ્રી અનાજ છે, તેથી તેમાં ખાંડનું પ્રમાણ ખૂબ ઓછું છે. ફાઈબરથી ભરપૂર હોવાને કારણે તે તમારું પેટ લાંબા સમય સુધી ભરેલું રાખે છે. આવી સ્થિતિમાં, જો તમે લંચ અથવા ડિનરમાં 2 રાગીની રોટલીનું સેવન કરો છો, તો તમને લાંબા સમય સુધી ભૂખ લાગશે નહીં અને તમે વધારાના ખાવાથી બચી શકશો.

બાજરી : વધતા વજનને ઘટાડવામાં બાજરી ખૂબ જ અસરકારક છે. આવી સ્થિતિમાં તમે તેના રોટલાને તમારા આહારમાં સામેલ કરી શકો છો. તેમાં પ્રોટીન, ફાઈબર, મેગ્નેશિયમ, આયર્ન અને ફોસ્ફરસ ભરપૂર માત્રામાં હોય છે જે સ્થૂળતા ઘટાડવામાં ફાયદાકારક છે. તેમાં રહેલા ફાઈબર તમારી પાચનતંત્રને સુધારે છે અને તમને લાંબા સમય સુધી ભૂખ લાગવાથી પણ બચાવે છે.

જવાર: રાગી અને બાજરીની જેમ જવાર પણ વજનને નિયંત્રિત કરવામાં ફાયદાકારક છે. તેમાં અન્ય અનાજ કરતાં વધુ ફાઈબર હોય છે. જુવારનું સેવન સ્લો મેટાબોલીજ્મને ઝડપી બનાવે છે, જેનાથી વજન ઘટાડવામાં સરળતા રહે છે.




"Honest Deals. Real Results."
Your Trusted Partner
in Every Property (Residentials / Commercials) Journey
Jignesh Patel
REAL ESTATE BROKER
Stop Renting. Start Owning.
Your Dream Home Awaits!
• Personalized Guidance for Buyer & Sellers
• More Than 5+ Years of Experience
• Transparent Service
• Check Reviews on Google & Instagram and Lets get Started!!
Let's Get Started
647-381-1492
realtor@jignesh.ca
5010 Steeles Ave. W., Suite 11A
Toronto ON M9V 5C6
Office: 416-747-97777
Fax: 416-747-7135
realtor@jignesh.ca
HOMELIFE
HIGHER STANDARDS
HomeLife/Miracle Realty Ltd., Brokerage
Each Office Independently Owned & Operated

# અમેરિકાએ H-1B વિઝાની પ્રીમિયમ પ્રોસેસિંગ ફી વધારી

અમેરિકન નાગરિકતા અને ઈમિગ્રેશન સેવા (USCIS) એ H-1B વિઝા સહિત અનેક ઈમિગ્રેશન લાભો માટેની પ્રીમિયમ પ્રોસેસિંગ ફીમાં વધારો કરવાની જાહેરાત કરી છે, જે 1 માર્ચથી લાગુ થશે. USCISના આ નિર્ણયની સીધી અસર અમેરિકામાં કામ કરતા કે અભ્યાસ કરતા હજારો ભારતીય નાગરિકો સહિતના વિદેશી પ્રોફેશનલ્સ પર પડશે.

USCISએ જણાવ્યું છે કે પ્રીમિયમ પ્રોસેસિંગ ફીમાં આ વધારો જૂન, 2023 થી જૂન, 2025 સુધીના 'મોંઘવારીના દરને ધ્યાનમાં રાખીને' કરવામાં આવ્યો છે. આ ફેરફારો રોજગાર-આધારિત અને બિન-આપ્રવાસી અરજીઓ પર અસર કરશે, જેનો ઉપયોગ વિદેશી પ્રોફેશનલ્સ દ્વારા વ્યાપકપણે કરવામાં આવે છે.

સુધારેલા ફી માળખા હેઠળ, વિવિધ કેટેગરીમાં નીચે મુજબનો વધારો કરવામાં આવ્યો છે:

ફોર્મ I-129 (H-2B અથવા R-1 નોન-ઈમિગ્રન્ટ સ્ટેટસ માટે): આ કેટેગરી માટે પ્રીમિયમ પ્રોસેસિંગ ફી $1,685 થી વધીને $1,780 થશે.

ફોર્મ I-129 (H-1B, L-1, O-1, P-1 અને TN વિઝા): આ મુખ્ય કેટેગરીઓ માટે પ્રીમિયમ પ્રોસેસિંગ ફી $2,805 થી વધીને $2,965 કરવામાં આવી છે.

ફોર્મ I-140 (રોજગાર-આધારિત શ્રેણીમાં વિદેશી કામદારો માટે): આ કેટેગરી માટે પણ પ્રીમિયમ પ્રોસેસિંગ ફી $2,805 થી વધીને $2,965 લાગુ થશે.

ફોર્મ I-539 (સ્ટેટસ બદલવા કે લંબાવવા માટે): F-1/F-2 વિદ્યાર્થીઓ, J-1/J-2 એક્સચેન્જ વિઝિટર્સ અને M-1/M-2 વ્યાવસાયિક વિદ્યાર્થીઓને આવરી લેતી અરજીઓ માટેની ફી $1,965 થી વધીને $2,075 થશે.

ફોર્મ I-765 : આ કેટેગરી, જેમાં ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ (OPT) અને STEM-OPTનો સમાવેશ થાય છે, તેના માટે પ્રીમિયમ પ્રોસેસિંગ ફી $1,685 થી વધીને $1,780 કરવામાં આવી છે.

પ્રીમિયમ પ્રોસેસિંગ ફીમાં થયેલા આ ફેરફારની સીધી અસર ભારતીય પ્રોફેશનલ્સ, વિદ્યાર્થીઓ અને નોકરીદાતાઓ પર પડવાની પૂરી સંભાવના છે, કારણ કે H-1B, L-1, રોજગાર-આધારિત ગ્રીન કાર્ડ અને OPT જેવી અરજીઓમાં ભારતીયોનો મોટો હિસ્સો હોય છે. નોકરીમાં ફેરફાર, વિઝા લંબાવવા, મુસાફરીની યોજનાઓ અને સ્ટેટસની નિશ્ચિતતા માટે ઝડપી નિર્ણય પ્રક્રિયા મેળવવા માટે નોકરીદાતાઓ અને અરજદારો દ્વારા પ્રીમિયમ પ્રોસેસિંગનો વારંવાર ઉપયોગ કરવામાં આવે છે.

અમેરિકાના રોજગાર-આધારિત વિઝા, ખાસ કરીને H-1B પ્રોગ્રામનો સૌથી વધુ લાભ ભારતીય નાગરિકોને મળે છે, અને ગ્રીન કાર્ડની બાકી અરજીઓમાં પણ તેમનો મોટો હિસ્સો છે. આ ઉપરાંત, અમેરિકન યુનિવર્સિટીઓમાંથી સ્નાતક થતા ભારતીય વિદ્યાર્થીઓ H-1B જેવા લાંબા ગાળાના વર્ક વિઝા મેળવવા માટે ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ (OPT) અને STEM-OPT એક્સટેન્શનનો વ્યાપકપણે ઉપયોગ કરે છે.

USCISએ ભારપૂર્વક જણાવ્યું છે કે ફી વધારાથી થનારી આવકનો ઉપયોગ એજન્સીની કામગીરી સુધારવા માટે કરવામાં આવશે. આ આવકનો ઉપયોગ પ્રીમિયમ પ્રોસેસિંગ સેવાઓ પૂરી પાડવા, નિર્ણય પ્રક્રિયામાં સુધારો કરવા, પ્રોસેસિંગ બેકલોગ સહિતની માંગને પહોંચી વળવા અને USCISની અન્ય નાગરિકતા સેવાઓને ભંડોળ પૂરું પાડવા માટે કરવામાં આવશે.



તમારા સપનાના ડેસ્ટિનેશનને વાસ્તવમાં સાકાર કરવાની તક લઈને આવી રહ્યું છે. બેસ્ટ વોયેજ પ્રા. લિ તો ચાલો જલસા કરવા.... ગુજરાતી માહોલ માં ગુજરાતી ટૂર મેનેજર સાથે.

IATA

Best Voyage Pvt. Ltd.

CELEBRATING 25th ANNIVERSARY

scan me

અમારા તમામ પેકેજો જાણવા માટે અહીંયા સ્કેન કરો

ગુજરાત ની પ્રતિષ્ઠિત અને સફળ ટ્રાવેલ કંપની, આપના માટે લઈ ને આવી રહ્યું છે....

## Winter 2025-26 PACKAGE

- ઓસ્ટ્રેલિયા વિથ ન્યુઝીલેન્ડ — 17 રાત્રિ - 18 દિવસ — 21 જાન્યુઆરી, 17 ફેબ્રુઆરી, 11 માર્ચ
- ઓસ્ટ્રેલિયા — 11 રાત્રિ - 12 દિવસ — 20 જાન્યુઆરી 6,16 ફેબ્રુઆરી, 17 માર્ચ
- ન્યુઝીલેન્ડ — 11 રાત્રિ - 12 દિવસ — 19 જાન્યુઆરી 15 ફેબ્રુઆરી, 06 માર્ચ
- સિંગાપોર મલેશીયા & ક્રુઝ — 08 રાત્રિ - 09 દિવસ — 29 જાન્યુઆરી, 03 માર્ચ
- સિંગાપોર મલેશીયા & ક્રુઝ — 09 રાત્રિ - 10 દિવસ — 19 ફેબ્રુઆરી
- સાઉથ આફ્રિકા — 10 રાત્રિ - 11 દિવસ — 18,જાન્યુઆરી 20 ફેબ્રુઆરી 22 માર્ચ
- અઝરબૈજાન — 06 રાત્રિ - 07 દિવસ — 15 ડિસેમ્બર, 21 જાન્યુઆરી 10 ફેબ્રુઆરી, 05 માર્ચ
- વિયેતનામ વિથ ફુકોક — 09 રાત્રિ - 10 દિવસ — 20 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી, 03 માર્ચ
- વરસેટાઇલ વિયેતનામ — 08 રાત્રિ - 09 દિવસ — 20 ફેબ્રુઆરી 02 માર્ચ
- શ્રીલંકા — 07 રાત્રિ - 08 દિવસ — 14 ડિસેમ્બર, 05 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી, 05 માર્ચ
- બાલી — 06 રાત્રિ - 07 દિવસ — 12 ડિસેમ્બર 04 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી 05 માર્ચ
- આઈસલેન્ડ — 09 રાત્રિ - 10 દિવસ — 01 માર્ચ

## Summer 2026 PACKAGE

- ચેરી બ્લોસમ જાપાન — 09 રાત્રિ - 10 દિવસ — 22, 27, 30 માર્ચ
- જાપાન વિથ અલ્પાઈન રુટ — 10 રાત્રિ - 11 દિવસ — 19,29 મે 10,22 જૂન
- સાઉથ આફ્રિકા — 10 રાત્રિ - 11 દિવસ: 10,16 મે | 11 રાત્રિ - 12 દિવસ: 26 એપ્રિલ 03, 07, 31 મે | 13 રાત્રિ - 14 દિવસ: 14, 28 મે
- ઓસ્ટ્રેલિયા — 11 રાત્રિ - 12 દિવસ — 04 એપ્રિલ 02 ,15,28 મે
- ન્યુઝીલેન્ડ — 12 રાત્રિ - 13 દિવસ — 01 એપ્રિલ 03, 07, 22 મે
- વેસ્ટ & ઈસ્ટ અમેરિકા — 12 રાત્રિ 13 દિવસ — 22 એપ્રિલ 06,20 મે 03,17 જૂન 01,22 જુલાઈ 19 ઓગસ્ટ 16 સપ્ટેમ્બર, 09 નવેમ્બર
- અમેરિકન વંડર — 19 રાત્રિ - 20 દિવસ — 30 એપ્રિલ 21 મે 11 જૂન 02 જુલાઈ, 13 ઓગસ્ટ
- અમેરિકન ડિસ્કવરી — 23 રાત્રિ - 24 દિવસ — 05,26 મે 16 જૂન 07 જુલાઈ, 04 ઓગસ્ટ
- અમેઝિંગ અમેરિકા — 15 રાત્રિ - 16 દિવસ — 06, 27 મે 10 જૂન 01 જુલાઈ
- કેનેડિયન રોકીસ — 09 રાત્રિ - 10 દિવસ — 14,21,28 મે 05,11,25 જૂન 09 જુલાઈ, 13 ઓગસ્ટ
- બાલી — 06 રાત્રિ - 07 દિવસ — 24, 30 એપ્રિલ 08, 14 મે 18 જૂન
- યુરોપ યાત્રા — 18 રાત્રિ - 19 દિવસ — 09,28 મે 15 જૂન 13 ઓગસ્ટ
- યુનિક યુરોપ — 15 રાત્રિ - 16 દિવસ — 26 મે 15 જૂન 13 જુલાઈ
- યુરોપીઅન ડ્રીમ્સ — 12 રાત્રિ - 13 દિવસ — 03,08,17, 25 મે 06 જૂન 14 જુલાઈ, 11 ઓગસ્ટ
- સિનિક સ્કેન્ડીનેવીયા — 12 રાત્રિ - 13 દિવસ — 28 મે 11 જૂન 26 સપ્ટેમ્બર
- યુકે વિથ આયર્લેન્ડ — 10 રાત્રિ - 11 દિવસ — 14 મે 15 જુલાઈ
- પેનોરમિક યુરોપ — 09 રાત્રિ - 10 દિવસ — 21 મે 21 જૂન
- ડિસ્કવર ઓસ્ટ્રેલિયા — 12 રાત્રિ - 13 દિવસ — 30 એપ્રિલ

યુરોપ તથા અન્ય અન્ય ટુરની માહિતી જાણવા માટે સંપર્ક કરો +91 99989 77746 / +91 95864 11313

હેડ ઓફિસ એસએફ ૧-૨/૧૦૧-03, અનહિલ કોમ્પ્લેક્સ,સિટી સેન્ટર ની પાછળ, સ્વસ્તિક ક્રોસ રોડ, સી.જી. રોડ અમદાવાદ-૩૮૦૦૦૯, ગુજરાત

બ્રાંચ ઓફિસ નિકોલ ( અમદાવાદ ) - આણંદ - મહેસાણા - સુરત - બરોડા - રાજકોટ જામનગર - ગાંધીનગર - કલોલ

# કવિ જયેન્દ્રભાઈ નાયક – સંગીત અને ભક્તિના સેતુકાર



રામ મારા અયોધ્યા માં બિરાજીયા રે
(રાગ:- ગોકુળ વેલે રા પધારજો)
કવિ:-જયેન્દ્ર નાયક (સંગીતકાર)
રામ મારા અયોધ્યામાં બિરાજીયારે
દેશ વિદેશે ઉત્સવ થાય,
--- રામ મારા..
પોષ સુદિ બારસ ને દિન
સોમવારે જી રે;
અભિજિતમુહૂર્તે પ્રાણ પ્રતિષ્ઠાથાય,
સંતો,દાનવીરો ને હરખ ન માય.
--- રામ મારા..
*પ્રતિમા ઝળકી ઉઠી શ્રી રામની રે;
પ્રતિષ્ઠા મોદીજી ના હસ્તે થાય,
સૌ મહાનુભાવો રામગુણ ગાય.
----- રામ મારા
*સપના પૂર્ણ થયા ધર્મ પ્રેમીઓના રે;
ગામ નગરે રામ ધ્વજ લહેરાય,
"જય"ભક્તિથી ભીંજાઈજાય.
------- રામ મારા.

શબ્દોમાં સંગીત અને સંગીતમાં ભક્તિ વહેતી હોય, ત્યારે કાવ્ય માત્ર વાંચવાનું નહીં પરંતુ અનુભવું પડે – એવી જ અનુભૂતિ કવિ તથા સંગીતકાર જયેન્દ્રભાઈ નાયકની રચનાઓ કરાવે છે. તેમની તાજી ભક્તિ રચના "રામ મારા અયોધ્યા માં બિરાજીયા રે" આજના સમયમાં ધાર્મિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક ઘટનાને કાવ્યરૂપે ઉજાગર કરતી એક ઉત્તમ કૃતિ બની છે.

જયેન્દ્રભાઈ નાયક માત્ર કવિ નથી, તેઓ એક સજ્જડ સંગીતકાર પણ છે. રાગ આધારિત રચનાઓમાં શબ્દ અને સ્વરનો સંયોગ સાધવાની તેમની ક્ષમતા તેમને વિશેષ બનાવે છે. આ કવિતા રાગ - "ગોકુળ વેલે રા પધારજો" પર આધારિત હોવાથી તે ભજન, કીર્તન અને સમૂહગાન માટે અત્યંત અનુકૂળ બની છે.

આ કવિતામાં ભગવાન શ્રીરામના અયોધ્યા ખાતે થયેલા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને કેન્દ્રમાં રાખી કવિએ ભક્તિ, આનંદ અને રાષ્ટ્રભાવનાને એકસાથે ગૂંથી છે. પોષ સુદિ બારસ, સોમવાર અને અભિજિત મુહૂર્ત જેવા ધાર્મિક સંદર્ભો કાવ્યને શાસ્ત્રીય



પવિત્રતા આપે છે, જ્યારે દેશ-વિદેશે ઉત્સવ થાય છે એવી પંક્તિઓ આ ઘટનાની વૈશ્વિક પ્રાસંગિકતા દર્શાવે છે.

કવિ તરીકે જયેન્દ્રભાઈ નાયકની વિશેષતા એ છે કે તેઓ સરળ ભાષામાં ઊંડો ભાવ રજૂ કરે છે. તેમની રચનાઓ સામાન્ય જનમાનસને સ્પર્શે છે અને સાંભળનારને સહજ રીતે ભક્તિરસમાં ડૂબાડી દે છે. "રામ મારા" જેવી ધ્રુવ પંક્તિઓ ગીતાત્મક લય ઊભી કરે છે, જે શ્રોતાઓના હૃદયમાં લાંબા સમય સુધી ગુંજતી રહે છે.

આ કવિતા માત્ર એક ધાર્મિક રચના નથી, પરંતુ તે રામભક્તોના વર્ષોથી રહેલા સપનાઓની પૂર્ણતાનું કાવ્યાત્મક દસ્તાવેજ છે. ગામે-ગામ રામધ્વજ લહેરાવાની કલ્પના દ્વારા કવિ ભારતીય સંસ્કૃતિની આત્માને જીવંત કરે છે.

નિસ્સંદેહ, કવિ અને સંગીતકાર જયેન્દ્રભાઈ નાયકની આ રચના આજના સમયમાં ભક્તિ સાહિત્યમાં એક મહત્વપૂર્ણ ઉમેરો છે. શબ્દ, સ્વર અને શ્રદ્ધાનો સુંદર સંગમ તેમની ઓળખ બની રહ્યો છે – અને આવનારા સમયમાં તેમની કલમ અને સંગીતથી વધુ એવી જ સ્મરણિય રચનાઓની અપેક્ષા રહે






## હરિધામ સોખડા અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા આયોજિત ક્રિકેટ સ્પર્ધામાં ભાગ લેવા માટે વેબસાઈટ પર જઈ એન્ટ્રી કરી શકો છો






## સોખડા યોગી ડિવાઇન સોસાયટી સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા આયોજિત

# સાઉથલેક સીનિયર કલબ કેનેડા ફાઉન્ડેશન બ્રમ્પટોનના સભ્યશ્રીઓ માટે 2026નો પ્રથમ કાર્યક્રમ યોજાયો

સંકલન : પરબત બોરડ

સાઉથલેક સીનિયર કલબ કેનેડા ફાઉન્ડેશન બ્રમ્પટોનના સભ્યશ્રીઓ માટે કાર્યક્રમ યોજાઈ ગયો વાતાવરણને ધ્યાને રાખી 2025 - 2026ના સાઉથલેક સીનિયર ક્લબ કેનેડા ફાઉન્ડેશન બ્રમ્પટોનના સભ્યશ્રીઓ માટે જાન્યુઆરી 10, 2026ના દિવસે કાળજીપૂર્વક આયોજન કલબના પ્રમુખ અમિત ભટ્ટ અને સભ્યશ્રીઓ સાથે મળી કર્યુ હતું.

આ વર્ષનો આ પ્રથમ પ્રસંગ હોય જેને ભરપૂર માણી શકાય તે અંગેની કાળજી લેવામાં આવેલ. વાતાવરણ પણ આહ્લાદક રહેવાથી વરિષ્ઠ નાગરિકોની સંખ્યા લગભગ 150 જેટલી નોંધવામાં આવી હતી. આ 2026નો પ્રથમ કાર્યક્રમ હોય સર્વે એ હરખ સાથે ભાગ લીધો હતો. લગભગ સાડા ચાર કલાકના કાર્યક્રમમાં કોઈ વરિષ્ઠ નાગરિકને કંટાળો ન આવે તે માટે પુરા પ્રસંગમાં જુદા જુદા મનોરંજન પૂરા પાડવામાં આવ્યા હતા. પ્રસંગની શરૂઆત 13.00 કલાકે જીમ આર્ચડેકીન રીક્રિએશન કેન્દ્ર ખાતે પ્રમુખ અમિત ભટ્ટ દ્વારા સંપૂર્ણ કાર્યક્રમની રૂપરેખા આલેખી તેનું સંચાલન સેક્રેટરી રેહાના હાફીઝને સોંપવામાં આવ્યુ હતુ. આ સપૂર્ણ પ્રસંગ વરિષ્ઠ નાગરિકોનો હોય જેથી પ્રસંગને દીપાવવા હર્ષા ભટ્ટ તથા વૈજતિ પટેલ દ્વારા ભજન રજુ કરવામાં આવ્યા. આધુનિક તથા નવા ફિલ્મી જગતના ગીતો અલકેશ પટેલ, બિપીન પંચાલ, કેલી પટેલ અને અનિલ ભાવસારે રજુ કર્યા.


M.P. & Minister Hon. Shafqat Ali


Minister & M.P. Ruby Sahota


Dance performance



Regional Councilors Paul Vincente & Rod Power


Members


Members

ઑડિયો ગીત મુજબ નૃત્ય બિપીન અને રજની પંચાલે તેવી જ રીતે યુગલ ગીત અલકેશ અને કેલી પટેલે રજુ કર્યા. ઑડિયો આધારિત કવાલીની રજુઆત અરૂણ ભટ્ટ અને વર્ષા શાહે કરી. છેલ્લે ઓપન ડાન્સ ફ્લોર પાર્ટી ગીત દ્વારા નવા વર્ષની વધામણી રેહાના અને ગૃપના સભ્યો દ્વારા કરવામાં આવી. આ ક્રમબદ્ધ રજુઆતથી દરેક સભ્યશ્રીઓ આનંદ વિભોર થયા. સાઉથલેક સીનિયર કલબ કેનેડા ફાઉન્ડેશનના આમંત્રણને માન આપી કેનેડા સરકારના નાણાંકીય વ્યવસ્થાપક અને જાહેર સેવા માટે જવાબદાર મંત્રી શફકત અલી, મંત્રી અને સંસદ સભ્ય રૂબી સહોતા, રીજિયોનલ કાઉન્સિલર પોલ વિન્સેન્ટ, સીટી કાઉન્સિલ રોડ પાવર તથા કેનેડાના પ્રથમ દક્ષિણ એશિયાઈ પૂર્વ સંસદ સભ્ય અને પ્રમુખ- બ્રમપટોન વરિષ્ઠ વિભાગ ગુરબકસ મલ્હીજી આ કાર્યક્રમમા મહેમાનશ્રી તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

તેઓએ પોતાના પદને અનુરૂપ રહી વરિષ્ઠ નાગરિકોને થઈ શકે તેટલી મદદ કરવા હાકલ કરી હતી. હંમેશાની જેમ આ વખતે પણ કલબને મંત્રી તથા સંસદ સભ્ય રૂબી સહોતા તેમજ રીજિયોનલ કાઉન્સિલર પોલ વિન્સેન્ટી તરફથી વિશિષ્ટ પ્રવૃત્તિ બદલ કૃતજ્ઞતા પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. આ 2026ના પ્રથમ કાર્યક્રમમાં સ્વદેશ ન્યુઝના નિલેશ ટેલર સહ પરિવાર હાજર રહ્યા હતા. જ્યારે ગુજરાત વીકલીના લલીત ઠાકર, ગુજરાત ન્યૂઝલાઈનના લલિત સોની તથા ગુજરાત એમ્બ્રોડના શિલ્પેશ પરીખે આ કલબને શુભેચ્છા પાઠવી હતી. પધારેલ વરિષ્ઠ નાગરિકની નોંધણી, નવા સભ્યની નોંધણી, ભોજન તથા નાસ્તા વ્યવસ્થા યથાયોગ્ય રીતે ગોઠવવામાં આવી હતી. સપૂર્ણ કાર્યક્રમ અદ્વિતીય રહ્યો.

કાર્યક્રમની વચ્ચેના ભાગે પાપડીનો લોટ (ખીચુ) અમિત ભટ્ટ અને મિલિન દવે દ્વારા સ્પોન્સર કરી દરેકને પોતાની જગ્યાએ પહોંચે તેવી ગોઠવણ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંત ભાગે ભોજન ખૂબજ જરૂરી હોય છે, જેમાં આ વખતે કાઠિયાવાડી ભોજનમાં રીંગણનું ભડથુ, સેવ-ટામેટાનું શાક, બાજરીના રોટલા, સુખડી, મરચાના ભજીયા, ખીચડી, કઢી, લસણની ચટણી તથા પાપડ પીરસવામાં આવેલ. જે દરેકને ખૂબજ અનુકૂળ આવ્યુ અને આનંદ થીકોઈપણ જાતના બગાડ વગર આરોગવામાં આવ્યુ. સમયની મર્યાદાને ધ્યાનમાં રાખી વ્યવસ્થિત રીતે દરેકને ભોજન બુફે પધ્ધતિથી ક્રમબદ્ધ રીતે પુરૂ પાડવામાં આવ્યુ.

ધ્વનિ પ્રસારણની યોગ્ય સંભાળ અનિલ ભાવસારે કાળજીપૂર્વક નિભાવી હતી. સમયની મર્યાદા હોવાથી પ્રમુખ અમિત ભટ્ટ દ્વારા આ કાર્યક્રમ પૂર્ણ થયેલો જાહેર કરવામાં આવ્યો. વધુમાં સાઉથલેક સીનિયર કલબ કેનેડા ફાઉન્ડેશન કલબ પ્રતિ માસ એક એમ આશરે વર્ષના 12 જેટલા કાર્યક્રમનું આયોજન કરે છે, ઉપરાંત 2 પિકનિક અનેએક બસ દ્વારા પ્રવાસ ગોઠવવામાં આવે છે. કકલબ દ્વારા બહારના દેશની પેકેજ ટૂરનું પણ આયોજન કરવામાં આવે છે. નવા વર્ષની સભ્ય ફી -જે માટે 75/-કેનેડિયન ડોલર ભરી સભ્ય પદ ચાલુ રાખી શકાશે. નવા સભ્યો નોંધણી પણ ચાલુ છે, જેના માટે અમિત ભટ્ટ (+1647-298-9887)નો સંપર્ક કરવો.






## પહેલા પાનાનું અનુસંધાન

ત્યારબાદ ખાસ કરીને કેનેડામાં જન્મેલા અને અહીં જ ઉછરેલા બાળકો તથા યુવાનોને ધ્યાનમાં રાખી ઉતરાયણ પર્વનું મહત્વ અત્યંત સરળ અને રસપ્રદ રીતે સમજાવવામાં આવ્યું. જીવનમાં ભગવાન અને સંતોની આવશ્યકતા કેમ છે, તેની ભાવસભર સમજ આપતા પતંગનું સુંદર ઉદાહરણ આપ્યું. જેમ પતંગને આકાશની ઊંચાઈઓ સર કરવા માટે મજબૂત દોરીની જરૂર પડે છે, તેમ માનવ જીવનને ઉન્નતિ તરફ લઈ જવા માટે સંતોના હાથમાં રહેલી દોરી- એટલે કે સત્સંગ, સંસ્કાર અને માર્ગદર્શન - અનિવાર્ય છે. આ દોરી જીવનયાત્રાને સુરક્ષિત, સુખમય અને સ્થિર બનાવે છે. ઉતરાયણ પર્વ નિમિત્તે સંતો દ્વારા ઉજવાતા "ઝોળી ઉત્સવ"ના મહત્વને પણ અત્યંત ભાવાત્મક રીતે સમજાવવામાં આવ્યું. હરિભક્ત શ્રી મિતભાઈ તથા શ્રી નીલભાઈએ રસપ્રદ પ્રસંગો દ્વારા સમજાવ્યું કે કેવી રીતે આપણે આપણા દુર્ગુણો - જેમ કે હઠ, માન, ઈર્ષા, અહંકાર વગેરે - ને ઝોળીમાં પધરાવી, તેમાંથી મુક્ત થવાની પ્રેરણા લઈ શકીએ. આ સંદેશાએ હરિભક્તોના હૃદયને સ્પર્શી લીધો અને સૌમાં આત્મમંથનનો ભાવ જાગૃત થયો. કાર્યક્રમના અંતે પ્રમુખશ્રી ધર્મેન્દ્રભાઈ પટેલે તેમની આગવી શૈલીમાં સૌ હરિભક્તો, સેવકો અને આયોજકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો. સાથે જ તેમણે દર રવિવારે શ્રૃંગેરી હોલ ખાતે યોજાતી રવિ સભામાં અવશ્ય હાજરી આપી સત્સંગનો લાભ લઈ પ્રભુનો રાજીપો મેળવવા સૌને ભાવભર્યો અનુરોધ કર્યો.

આ રીતે, કેનેડાની ધરતી પર ઉજવાયેલું ઉતરાયણ પર્વ માત્ર ઉત્સવ પૂરતું નહીં, પરંતુ ભક્તિ, સંસ્કાર અને આધ્યાત્મિક ઉન્નતિનો એક જીવંત સંદેશ બનીને સૌના હૃદયમાં દીર્ઘકાળ સુધી યાદગાર બની રહ્યું.

**જય શ્રી સ્વામિનારાયણ**

**દાસના દાસ.**



# નયન બ્રહ્મભટ્ટના નેતૃત્વમાં કેનેડિયન પ્રતિનિધિમંડળે GCCI ખાતે "ઇન્વેસ્ટ બ્રેમ્પટન"ને પ્રોત્સાહન આપ્યું















પ્રતિનિધિમંડળના અધ્યક્ષ શ્રી નયન બ્રહ્મભટ્ટના નેતૃત્વમાં એક કેનેડિયન પ્રતિનિધિમંડળે "ઇન્વેસ્ટ બ્રેમ્પટન" પહેલને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (GCCI)ની મુલાકાત લીધી. GCCI પ્રતિનિધિમંડળનું અધ્યક્ષપદ શ્રી રાજેશ ગાંધી દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં GCCIના આંતરરાષ્ટ્રીય સંબંધોના અધ્યક્ષ શ્રી અનિલ જૈનના સમર્થનથી ઇન્વેસ્ટ ગુજરાતની તકો પર ચર્ચા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન, કેનેડિયન પ્રતિનિધિમંડળે બ્રેમ્પટન શહેરમાં રોકાણની તકો પર પ્રકાશ પાડતી વિગતવાર રજૂઆત કરી હતી. ચર્ચાઓ આયાત-નિકાસ સંભાવના પર કેન્દ્રિત હતી, જેમાં ભવિષ્યના સહયોગ માટે ત્રણ મુખ્ય લક્ષ્યાંકિત ક્ષેત્રો ઓળખવામાં આવ્યા હતા. પ્રતિનિધિમંડળે GCCI સભ્યોને શહેરના આર્થિક વિકાસ અને વૈશ્વિક જોડાણ માટે બ્રેમ્પટનના મેયર શ્રી પેટ્રિક બ્રાઉનના વિઝન વિશે પણ માહિતી આપી હતી.

બંને પ્રતિનિધિમંડળો ભવિષ્યના તક વિનિમય અને સહકારને ઔપચારિક બનાવવા માટે સમજૂતી પત્ર (MoU) પર હસ્તાક્ષર કરવાની શક્યતા પર નજીકથી કામ કરવા સંમત થયા હતા. GCCI એ એપ્રિલ 2026માં યોજાનાર GATE ઇન્ડસ્ટ્રીયલ એક્સ્પોમાં ભાગ લેવા માટે બ્રેમ્પટન પ્રતિનિધિમંડળને આમંત્રણ આપ્યું.

શ્રી બ્રહ્મભટ્ટે ગુજરાત અને બ્રેમ્પટન વચ્ચેના લોકો-થી-લોકોના સંબંધોના મહત્વ પર ભાર મૂક્યો, નોંધ્યું કે આ સંબંધો વ્યાપારિક પર્યટન અને દ્વિપક્ષીય વેપારની તકોને નોંધપાત્ર રીતે વેગ આપી શકે છે. ચર્ચાઓમાં અમદાવાદમાં કેનેડિયન ટ્રેડ ઓફિસની સક્રિય ભાગીદારીની સંભાવનાને પણ આવરી લેવામાં આવી હતી.

શ્રી બ્રહ્મભટ્ટે ઉપસ્થિતોને કેનેડા-ભારત વ્યાપારિક સંબંધોને મજબૂત બનાવવા માટે વડા પ્રધાન માર્ક કાર્નીના પ્રયાસો વિશે માહિતી આપી અને 2030 સુધીમાં $70 બિલિયન કેનેડા-ભારત વ્યાપક આર્થિક ભાગીદારી કરારના અગાઉ જાહેર કરાયેલ વિઝનનો ઉલ્લેખ કર્યો, જેમાં બંને પ્રદેશો માટે લાંબા ગાળાની તકોની રૂપરેખા આપવામાં આવી.

પ્રતિનિધિમંડળોએ સદ્‌ભાવનાના સંકેત તરીકે સ્મૃતિચિહ્નોની આપ-લે કરી અને તેમના સંબંધિત સભ્યોનો ઔપચારિક પરિચય કરાવ્યો. કેનેડિયન પ્રતિનિધિમંડળનું ડૉ. અંકિત શાહ (ભૌગોલિક રાજકીય વિશ્લેષક), ફોરમ પરીખ (ANB ઇમિગ્રેશન), સિદ્ધિ વિનાયક ટેમ્પલ BOD, શ્રી અરવિંદભાઈ બ્રહ્મભટ્ટ (ગ્લોબલ HR સોલ્યુશન્સ), શ્રી વિક્રમ સિંગલ (રિયલ એસ્ટેટ), શ્રી કેતન બ્રહ્મભટ્ટ (ઇન્ફર્મેશન ટેકનોલોજી), શ્રી અમિત ભાર્ગવ (રિયલ એસ્ટેટ કન્સલ્ટન્ટ) અને શ્રી રામગોપાલ બજાજે સ્વાગત કર્યું હતું. તેમણે સ્મૃતિચિહ્ન રજૂ કર્યું અને GCCI નેતૃત્વનું ઔપચારિક સ્વાગત કર્યું.

નયન બ્રહ્મભટ્ટે 1 થી 10 જાન્યુઆરી સુધી ત્રણ રાજ્યોની મુલાકાત લેનારા CHCC પ્રતિનિધિમંડળ સાથેની તેમની સંડોવણી પર પણ પ્રકાશ પાડ્યો અને સંસ્થાની પ્રવૃત્તિઓ અને ઉદ્દેશ્યો શેર કરતી વખતે CHCC સંભારણું રજૂ કર્યું.

શ્રી અનિલ જૈન દ્વારા આભારવિધિ સાથે બેઠકનું સમાપન થયું, જે બ્રેમ્પટન-ગુજરાત આર્થિક અને સંસ્થાકીય સંબંધોને મજબૂત બનાવવા માટે એક સકારાત્મક પગલું હતું.